**આજનો સુવિચાર**

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૧ જૂનાગઢ તા.૦૬-૦૮-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 201, Junagadh : Date : 06 August, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# બાંગ્લાદેશની સ્થિતિ અંગે સર્વપક્ષીય બેઠકમાં ચર્ચા : પડોશી દેશમાં અરાજકતાથી ભારતની ચિંતા વધી





નવી દિલ્હી/ઢાકા તા.૬

ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં સત્તા પલટો થયો છે. બાંગ્લાદેશના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યા બાદ શેખ હસીના વાજેદે ભારતમાં કામચલાઉ શરણ લીધી છે. તેઓને હાલમાં ગાજીયાબાદના હિંડન એરપોર્ટ નજીક આવેલા એક સલામત સ્થળે ગેસ્ટહાઉસમાં આશ્રય આપવામાં આવ્યો છે. જે દરમ્યાન શેખ હસીનાને લઈને આવેલું વિમાન બાંગ્લાદેશ પરત ફરી ગયું છે. બાંગ્લાદેશમાં સત્તાપરિવર્તન સાથે પરોક્ષ રીતે સૈન્યનું શાસન આવી ગયું હોવાનું માનવામાં આવે છે.

બીજી તરફ બાંગ્લાદેશમાં સ્થિતિ ગંભીર બની રહી છે. જોકે, સત્તા પરિવર્તન બાદ સમગ્ર બાંગ્લાદેશમાંથી કર્ફ્યુ હટાવી લેવામાં આવ્યો છે અને સેનાએ મોરચો સંભાળી લીધો છે. બાંગ્લાદેશના પાટનગર ઢાકા સહિત તમામ મોટા શહેરોમાં હિંસા યથાવત છે. અહેવાલો મુજબ બાંગ્લાદેશમાં હિંદુઓ અને મંદિરો પર હુમલા થઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ બાંગ્લાદેશની સ્થિતિ મામલે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. જેમાં વિપક્ષોએ કહ્યું કે, બાંગ્લાદેશ મામલે અમે સરકારની સાથે છીએ. જ્યારે રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, બાંગ્લાદેશ મામલે યોગ્ય નિતીની જરૂર છે. જ્યારે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું છે કે, ભારત સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

## શેખ હસીના વાજેદને ભારતમાં હિંડન એરપોર્ટ નજીક ગેસ્ટહાઉસમાં સુરક્ષીત રખાયા : બાંગ્લાદેશમાં હિન્દુઓ અને મંદિરો પર હુમલા : ભારતની બાંગ્લાદેશ સાથે જોડાયેલી ૪૦૯૬ કીમી લાંબી સરહદ પર હાઈએલર્ટ

દરમ્યાનમાં આ લખાઈ રહ્યું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારની હકાલપટ્ટી બાદ ભારતીય સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણ એલર્ટ પર છે. બાંગ્લાદેશ સાથેની ભારતીય સરહદો પર સંપૂર્ણ સતર્કતા સાથે નજર રાખવામાં આવી રહી છે. બીએસએફે તેના સર્વેલન્સ વિસ્તારની સરહદો પર એલર્ટ જાહેર કર્યું છે. ઘૂસણખોરી ન થાય તે માટે સુરક્ષા દળોને સંપૂર્ણ તકેદારી રાખવા માટે કહેવામાં આવ્યું છે.

BSFના મહાનિર્દેશક દલજીત સિંહ ચૌધરી અને તેમની સાથે અન્ય વરિષ્ઠ અધિકારીઓ ભારત-બાંગ્લાદેશ સરહદ સુરક્ષાની સમીક્ષા કરવા પશ્ચિમ બંગાળ પહોંચ્યા અને ટોચના અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ જરૂરી માર્ગદર્શિકા જાહેર કરી. ડીજીએ ઉત્તર ૨૪ પરગણા જિલ્લાની સરહદની પણ મુલાકાત લીધી હતી.

શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દેશ છોડ્યા પછી પણ બાંગ્લાદેશમાં હિંસા અટકી રહી નથી. હવે અપરાધીઓ લઘુમતી હિંદુઓ, શેખ હસીના અને તેમની પાર્ટી અવામી લીગના સમર્થકો અને તેમના સંગઠનોને નિશાન બનાવી રહ્યા છે. સોમવારે તોફાનીઓએ જેસોરમાં એક હોટલમાં આગ લગાવી હતી, જેમાં ૮ લોકો જીવતા સળગી ગયા હતા અને ૮૪ લોકો ઘાયલ થયા હતા.

### બાંગ્લાદેશ અપડેટ

- બાંગ્લાદેશની સંસદ ભંગ કરી દેવાઈ : હવે કોના હાથમાં નિયંત્રણ આવશે ? સૈન્યની મુખ્ય ભૂમિકા રહેશે.
- બાંગ્લાદેશને અસ્થિર કરવાનું અમેરીકા અને પાકિસ્તાનનું કાવત્રુ - શેખ હસીનાના પુત્ર સાજીદ વાજેદે ભારતીય ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં ઘટસ્ફોટ કર્યો.
- બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદ સ્થિતિ બેકાબુ : છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૦૦ ના મોત.
- ચિંતાની કોઈ બાબત નથી - વિદેશમંત્રી એસ.જયશંકર આજે બપોરે ૩.૩૦ કલાકે રાજયસભામાં સત્તાવાર નિવેદન આપશે.
- બાંગ્લાદેશ મામલે યોગ્ય નિતીની જરૂર છે : રાહુલ ગાંધી.
- બાંગ્લાદેશની હિંસામાં ઈસ્કોન મંદિર પર હુમલો, મૂર્તિઓની તોડફોડ કરાઈ.
- વિપક્ષોએ કહ્યું બાંગ્લાદેશ મામલે અમે સરકારની સાથે છીએ.
- બાંગ્લાદેશમાં સ્થિતિ સામાન્ય કરવાના પ્રયાસો છતાં હિંસા યથાવત - તોફાનીઓએ જેલ તોડીને ૫૦૦ કેદીઓને છોડાવી લીધા.
- બાંગ્લાદેશ સૈન્યના વડા અને આંદોલનકારી નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ. નોબલ પુરસ્કાર વિજેતા યુનુસને વચગાળાના સરકારની કમાન સોંપવા તૈયારી.

## ભારતના ૮ પડોશી દેશોમાંથી માત્ર ત્રણ જ મિત્ર

નવી દિલ્હી તા.૬

ભારતના ૮ પાડોશી દેશોમાં પાકિસ્તાન, ચીન અને માલદીવ ભારત વિરોધી વલણ ધરાવે છે. મ્યાનમાર અને નેપાળનું વલણ હાલમાં તટસ્થ છે, જ્યારે ૩ પાડોશી દેશો ભારતના મિત્ર છે- ભૂટાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ. જેમાં બાંગ્લાદેશ હાલમાં મોટા રાજકીય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. શેખ હસીના કે જેઓ ત્યાંના વડાપ્રધાન હતા તેમણે રાજીનામું આપીને દેશ છોડી દીધો છે.

૧૯૭૧માં પાકિસ્તાનના ભાગલા બાદ બાંગ્લાદેશની રચના થઈ હતી. માત્ર ૪ વર્ષ પછી, ૧૯૭૫માં, બાંગ્લાદેશી સેનાએ બળવો કર્યો અને બંગબંધુ શેખ મુજીબુર રહેમાનની હત્યા કરી. મુજીબ શેખ હસીનાના પિતા છે.

જો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોવામાં આવે તો બાંગ્લાદેશની રચના પછીના ૧૫ વર્ષ સુધી સેનાએ દેશના રાજકારણમાં હસ્તક્ષેપ કર્યો. સેનાએ ત્રણ વખત બળવાનો પ્રયાસ કર્યો છે.

ગઈકાલે ૫ ઓગસ્ટે શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ બાંગ્લાદેશના આર્મી ચીફે કહ્યું હતું કે, 'અમે વચગાળાની સરકાર બનાવીશું, અમે હવે દેશનું ધ્યાન રાખીશું. આંદોલનમાં જેમની હત્યા થઈ છે તેમને ન્યાય અપાશે.

જો શેખ હસીના ફરી પીએમ બનશે તો તેનાથી ભારતને બહુ ફરક નહીં પડે. બાંગ્લાદેશ સાથે તેના સંબંધો પહેલાના જેવા પુનઃસ્થાપિત કરવામાં આવશે.

## બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન, હિંસામાં પાકિસ્તાનની સંડોવણી

### આઈએસઆઈના એજન્ટોએ વિદ્યાર્થી નેતાઓના સ્વરૂપમાં હિંસા ભડકાવી હોવાની ચર્ચા

નવી દિલ્હી તા.૬

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન અને દેશવ્યાપી ફાટી નીકળેલી હિંસામાં પાકિસ્તાનનો હાથ હોવાનું સ્પષ્ટ થયું છે. બાંગ્લાદેશના વિદ્યાર્થીઓને ભડકાવવામાં પાકિસ્તાનની કુખ્યાત જાસુસી સંસ્થા આઈએસઆઈના એજન્ટોએ ભૂંડી ભુમિકા ભજવી હોવાનું બહાર આવ્યું છે. બાંગ્લાદેશના અનેક વિદ્યાર્થી નેતાઓ આ હિંસા પહેલા પાકિસ્તાનની મુલાકાતે ગયા હતા. અને આઈએસઆઈએ આ વિદ્યાર્થી નેતાઓને મોહરૂ બનાવ્યા હતા. ખાસ કરીને બાંગ્લાદેશના ટોચના છાત્ર સંગઠન આઈસીએસને આઈએસઆઈએ કાવત્રાનો મુખ્ય ભાગ બનાવ્યા હતા. આઈસીએસના આઈએસઆઈ સાથે સંબંધો હોવાનું જાહેર થયું છે તેટલું જ નહીં આઈએસઆઈના એજન્ટો સોશ્યલ મીડિયા પર વિદ્યાર્થી બનીને સક્રીય હોવાનું પણ બહાર આવ્યું છે. આઈએસઆઈ ના એજન્ટોએ વિદ્યાર્થી નેતાઓ બનીને હિંસા ભડકાવી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## હવે ભારતમાં પણ અનામતની આગ ભડકશે ? સુપ્રિમ કોર્ટના ચુકાદા સામે દલિતોનું ૨૧ ઓગષ્ટે ભારતબંધનું એલાન

નવી દિલ્હી તા.૬:

અનામત પર સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે દલિતોએ ૨૧ ઓગસ્ટે ભારત બંધનું એલાન આપ્યું છે. માયાવતી, ચંદ્રશેખરથી લઈને ચિરાગ પાસવાને પણ તેનો વિરોધ કર્યો છે. એનડીએના સહયોગી સંગઠનો પણ તેના વિરોધમાં છે.

દલિત સંગઠનો અને નેતાઓનું માનવું છે કે, સુપ્રીમનો ચુકાદો ભેદભાવપૂર્વકનો છે. સુપ્રીમે એસસી-એસટીના ક્વોટામાં પેટા ક્વોટા બનાવવાનો અધિકાર રાજ્યોને આપ્યો હતો

સુપ્રિમ કોર્ટમાં ૭ જજોની બંધારણીય બેન્ચે ૪-૩થી આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે, એસસી અને એસટીમાં ક્રીમીલેયરની પણ ઓળખ થવી જોઈએ. આ વર્ગમાં ક્રીમીલેયરની પણ ઓળખ થવી જોઈએ. આ વર્ગમાં ક્રીમીલેયર હેઠળ આવતા લોકોને લાભ મળવો ન જોઈએ. તેના બદલે તે જ સમાજના ગરીબોને પ્રાથમિકતા આપવી જોઈએ.

## શેરબજાર બાઉન્સબેક : સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો ઉછાળો



મુંબઈ તા.૬

શેરબજારમાં સોમવારે સર્જાયેલા પ્રચંડ કડાકા બાદ આજે રિકવરી આવી છે અને મોટાપાયે વેચાણ કાપણી તથા મ્યુચ્યુઅલ ફંડોની ખરીદીથી માર્કેટ બાઉન્સબેક થયુ હતું. સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો હતો અને ઈન્વેસ્ટરોની ૭ લાખ કરોડની મૂડી રિકવર થઈ હતી.

ભારત સહિત વિશ્વભરના શેરબજારોમાં સોમવારે મંદીનું તાંડવ સર્જાયા બાદ આજે એકાએક હવામાન પલ્ટાઈ ગયું હતું અને નાટકીય તેજી સર્જાઈ હતી. અમેરિકામાં મંદીનો ભય, ઈઝરાયેલ પર ઈરાનનું તોળાતું આક્રમણ તથા જાપાનમાં વ્યાજદર વધારાના ગભરાટ હેઠળ સર્જાયેલા કડાકા બાદ આજે ઘણા અંશે ગભરાટ હળવો બન્યો હતો જેને પગલે માર્કેટ તેજીના માર્ગે આવી ગયુ હતું.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અમેરિકી અર્થતંત્ર ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ સહિતના ઘટનાક્રમો માથે તોળાયેલ રહ્યા છે તેવા સમયે શેરબજારનું સ્થિર થવું મુશ્કેલ છે અને આવતા થોડા દિવસો હજુ ઉથલપાથલનો માહોલ રહી શકે છે.

## તાજમહેલની છત પર મહિલાએ ભગવો લહેરાવ્યો : ધરપકડ

આગ્રા તા.૬

આગ્રામાં તાજમહેલની અંદર એક મહિલાએ ભગવો ધ્વજ લહેરાવ્યો હતો. પછી તેણે પાણીની બોટલ ખોલી અને તેના પર પાણી રેડ્યું. અખિલ ભારત હિન્દુ મહાસભાએ પાણીને ગંગાનું પાણી ગણાવ્યું છે અને જલાભિષેક કરવાની વાત કરી છે. બીજી તરફ ઘટનાની માહિતી મળતા CISFના જવાનોએ મહિલાની ધરપકડ કરી લીધી હતી. તાજમહેલની અંદર પાણી ચઢાવવાનો આ બીજો કિસ્સો છે. ગઈકાલે શ્રાવણના સોમવારે મહિલા તાજમહેલની છત પર પહોંચી હતી. પહેલા તેણે પાણી અર્પણ કર્યું અને પછી છત પરથી જ કેસરી કપડું લહેરાવ્યું. મહિલાનું નામ મીરા રાઠોડ હોવાનું કહેવાય છે અને તે અખિલ ભારતીય હિંદુ મહાસભા સાથે જોડાયેલી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્ગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE
Online ખરીદી કરતા પણ ફાયદો
8 % UPTO 38 % OFF
A/C.
MAHER CREATION
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
JENILI SHOPPING CENTER, JUNAGADH

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

Angel Kids
Every Child in the Blessing of God
PLAY HOUSE & PRE-SCHOOL
2025 ADMISSION OPEN
PERSONALITY DEVELOPMENT TRAINING
MINDFUL ACTIVITY SKILLS
CBSE PATTERN SYLLABUS
PLAY GROUP L.K.G. H.K.G
EXCEPTIONAL LEARNING METHOD
HOMELY ATMOSPHERE
CREATIVITY SKILLS
B/H. LIMDA CHOWK, SAIYEDVADA, "SAHAR", JUNAGDH
CONTECT : 91068 56924
E-mail : angelkidzpresch2023@gmail.com/



# ૫ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન દશામાના વ્રત દરમ્યાન ભારતમાં દશામાંના નામે ૨૦૦ કરોડનો કારોબાર : વિજ્ઞાન જાથા

## શ્રદ્ધાળુઓના કારણે પરપ્રાંતિય ભિખારીઓ રાજયમાં મોટી સંખ્યામાં આવે છે : ભિખારીઓથી સાવધાન રહેવા જાથાની અપીલ

રાજકોટ તા.૬

સદીઓથી ભારતમાં અનેક ત્યૌહારો, ઉત્સવો, માન્યતાઓ, રિવાજો પ્રમાણે પોતાના પ્રાંત મુજબ આસ્થા પ્રમાણે ઉજવણી થાય છે. દેશમાં શ્રદ્ધા પ્રમાણે ઉજવણી કરવાનો સૌને હક્ક બક્ષેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી દશામાની ઉજવણીમાં કૌતુક ઉભું કરી, ચમત્કાર યેનકેન ધ્યાનાકર્ષણ કરી શ્રદ્ધાનો માહોલ ઉભો કરી લેભાગુઓ વેપાર સાથે રૂપિયા ખંખેરવાનું એકમાત્ર કારણ બની ગયું છે તેવો જાથાએ સર્વે મુજબ લોકોની જાગૃતતા માટે હકીકત મુકવામાં આવે છે. તેમાં દશામાના નામે મોટો કારોબાર અને પરપ્રાંતિય ભિખારીઓ કમાણી સાથે યેનકેન છેતરપિંડી કરતા હોવાનું બહાર આવ્યું છે. રાજયમાં શ્રાવણ માસ ઓગસ્ટથી કાર્તિક પૂનમ સુધી સાવધાની રાખવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે, છેલ્લા ૨૦ વર્ષથી જોરશોર અને ઉન્માદથી દશામાની ઉજવણી થાય છે. તેમાં છેલ્લા વર્ષોમાં દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ વિવિધ સ્વરૂપે તેમાં ચમત્કાર, વેપારે જે સ્થાન લીધું છે તે વિચારણીય છે. આ વ્રતમાં દશામાની મૂર્તિ તેનું વાહન સાંઢણી, તેના શ્રૃંગાલ, જરૂરી ક્રિયાકાંડના સાધનો, ઉપવાસ, કથાઓની ચોપડીઓ, યુટયુબ ઉપર જે રીતે પ્રચાર ખર્ચ અને વેચાણ થઈ રહ્યું છે તેનાથી સૌ કોઈ ચોંકી ઉઠશે. 'મા' દશામા હંમેશા પૂજનીય માતા શ્રદ્ધાળુઓ અને ધાર્મિક લોકો માટે રહેશે તેમાં શંકા નથી. આદિકાળથી પૂજાય તેમાં ખોટું નથી. શ્રાવણ માસમાં રાજયમાં વ્રતની ઉજવણી ચાલી રહી છે જેનો મહત્તમ ફાયદો વેપારીઓ ઉપરાંત ચાલક ભૂઈમા અને લેભાગુઓએ ઉઠાવ્યો છે તેના સર્વેમાં 'મા' દશામાના નામે વેપારીઓ ૨૦૦ કરોડનો ધંધો કરશે તેવો જાથાનો પ્રાથમિક અંદાજ છે.

રાજયમાં દશામાની ભૂઈમાની સંખ્યા અગણિત છે. તેમાં પણ ધૂણતી ભૂઈમાઓએ ચમત્કાર કરી લાખોની કમાણી શ્રદ્ધાળુઓના ખિસ્સામાંથી સેરવે છે. પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવેલા વ્રતો, દેવ, દેવીઓના પ્રભાવ, શકિત, આરાધના, કથાઓ છે જ તેમાં વર્તમાન સમયે નવા દેવ–દેવીઓ, ચમત્કારિક વ્રતો, કથાઓનો નવા ચળકાટ સાથે જોશભેર ઉમેરો અને પ્રચાર થઈ રહ્યો છે. પુરાણ કથાઓ, સ્તુતિઓ, સ્તવન, શ્લોકો, પ્રાર્થનાઓ અમુક ચાલાક વેપારી શ્રદ્ધાળુઓ જુના શાસ્ત્રમાંથી ઉઠાંતરી કરી નવા રૂપ રંગ, આધુનિક સંગીતમાં ફીટ કરી નવી દેવ–દેવીઓમાં ઉમેરી તેનો ફોટો પણ કાલ્પનિક બનાવી ધાર્મિક શ્રદ્ધાળુઓના માથામાં બરાબર ફીટ કરવામાં સફળ થયાં છે.

જાથાના પંડયા જણાવે છે કે એક અંદાજ પ્રમાણે દશામાની વ્રતની કથાઓની ચોપડીઓ રોજની અસંખ્ય વેંચાય છે. ધાર્મિક દુકાનોમાં જથ્થાબંધ વેચાય છે. આ વ્રતની ચોપડીઓ ૨ રૂપિયાથી લઈને ૩૦ રૂપિયા સુધીના ભાવમાં મળે છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, મહેસાણા, કડી, આણંદ, નડીયાદ, રાજકોટ, જામનગર, અમરેલી, જુનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર સહિત જિલ્લાઓમાં ચોપડીઓનું ધૂમ વેચાણ થાય છે તેવું સર્વેમાં છે. વેપારીઓ ભાવમાં ફેરફાર કરે કે તુરંત બીજા અનુસરે છે. સામાન્ય રીતે એક વેપારી ૨૦૦ થી માંડીને ૪૦૦, ૮૦૦, ૧૨૦૦ થી વધુ પુસ્તિકાનું વેચાણ દરરોજનું બતાવે છે. જો તમો બીજાને આ ચોપડી પ્રચાર નહિં કરો તો માતાજીની આફત ગમે તે સ્વરૂપમાં આવે તેવો ભય, પ્રચાર પત્ર દ્વારા પણ અમુક લેભાગુઓ કરે છે. વિજ્ઞાન જાથા લોકોની જીવનપદ્ધતિમાં સુધારો થાય, પોતાના કુટુંબની આવક, સમાજનો વિકાસ, પુરૂષાર્થ, વાસ્તવિક બની, ખુલ્લુ મન રાખી ચિંતન કરી સત્ય સ્વીકારી પોતાનું જીવન સમૃદ્ધ, આનંદદાયક બને તે માટે મિશનથી કામ કરે છે. જેમાં તમામ વર્ગના લોકોનો ટેકો ઈચ્છે છે. આગળ આવવા અનુરોધ કરે છે. પોત–પોતાના ધર્મ–ઉત્સવમાં તર્ક–શંકા કરી બારીકાઈથી નિરીક્ષણ કરી લૂંટાય નહિં, માનસિક પછાત ન બને તે માટે પ્રયત્નશીલ થાય તે માટે જાથા અપીલ કરે છે.

જાથાના ચેરમેન જયંત પંડયા જણાવે છે કે વીસ વર્ષના અનુભવ આધારે દશામાના વ્રત સમયે વધુમાં વધુ કૌતુકોના ફોન માહિતી આવે છે. જેમાં ભૂઈમા, ભુવા, દશામાના સ્થાનકમાં સ્વયંભૂ પ્રાગટય ચિત્ર દર્શન, કંકુ, પગલા થવા, કોઈ વસ્તુમાં દશામા દેખાવા, પરચા સંબંધી તરેહતરેહની હકિકત બહાર આવે છે તેમાં ૧૦૦% ખોટી જાથાએ સાબિત કરી છે. માત્રને માત્ર બનાવો ઉભા કરવો, ગોઠવણ, પ્રચારનો દુરઉપયોગ કરી કમાણી જ નજરમાં આવી છે. દશામાંના નામે ખોટી રીતે ધુણી છેતરપિંડી કરતી ૮૦૮ ભુઈમાનો પર્દાફાશ કર્યો છે અને ૨૮૦૦ ઢોંગી ભૂઈમાના ધૂણવાના ઢોંગ બંધ કરાવ્યા છે. તે હકીકત ઉપરથી લોકોએ બોધપાઠ લેવાની જરૂર છે. આ વ્રતના કારણે રાજસ્થાન, યુ.પી અને બીજા રાજયોમાંથી દર વર્ષે દશામાના વ્રત સમયે ભીખારીઓનો આવવાનો મોકો મળે છે.

દશામાના વ્રત સમાપ્તે મૂર્તિઓ, તેના વાહન સાંઢણીને પીવાના પાણીમાં પધરાવવામાં આવે છે. તેનો વિરોધ છે. પીવાનું પાણી પ્રદુષિત થશે તો વિશાળ જનસમાજનું આરોગ્ય જોખમાશે. પ્રદુષણનો વિચાર કરી મૂર્તિઓને અમુક સમય એકાંતમાં રાખી ખાતર તરીકે ઉપયોગ લઈ શકાય તે વિચારવા અપીલ છે. પીવાના પાણી, ચેકડેમમાં ન નાખવા અનુરોધ છે. સરકારની જાગૃતતાના પ્રયાસના કારણે પીવાના પાણીમાં મૂર્તિઓ પધરાવવાનું બંધ થયું છે તે સારી બાબત છે.

જાથા માને છે કે માતા–પિતા જ ભગવાન, ગુરૂ છે. ઘરને માનવ મંદિર બનાવવાની જરૂર છે. ધાર્મિક ક્રિયાકાંડો, વ્યર્થ રીત–રિવાજોના ખર્ચાઓ બંધ કરી રાષ્ટ્રીય અને સામાજિક વિકાસને અનુસરીને આ બાબતે ચિંતન કરવાની જરૂર છે.

અંતમાં જાથાના રાજય ચેરમેન જયંત પંડયા જણાવે છે કે દશામાનાં વ્રત દરમ્યાન ખોટી રીતે ધૂણીને હેરાન કરતી અને શ્રદ્ધા સાથે ચેડા કરતી ઢોંગી ભૂઈમાંની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ / ૯૪૨૬૯ ૮૦૯૫૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## રૂા.૧૮૬ લાખના ખર્ચે નવીનીકરણ થયેલા શ્રી મીનળદેવી માતાજી મંદિરનું, રાજકોટ વાયા જસદણ રૂટની બસનું લોકાર્પણ કરતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

### રાજકોટ જિલ્લામાં વિંછીયા તાલુકો આર્થિક, સામાજિક અને આધ્યાત્મિકતાના કેન્દ્ર તરીકે વિકાસ પામી રહ્યો છે : મંત્રી કુંવરજીભાઈ બાવળિયા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

શ્રાવણ માસના પ્રારંભે જ ઘેલા સોમનાથ મહાદેવના મંદિરે દર્શન કરવા આવનાર શ્રદ્ધાળુઓને પુરતી સુવિધાઓ મળી રહે તે માટે ઘેલાસોમનાથ-રાજકોટ વાયા જસદણ રૂટની બસ તથા રૂા.૧૮૬ લાખના ખર્ચે નવીનીકરણ થયેલા શ્રી મીનળદેવી માતાજી મંદિરના વિકાસ કામોનું લોકાર્પણ પાણીપુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરવામાં આવ્યા હતા. શ્રી મીનળદેવી માતાજી મંદિરના લોકાર્પણ બાદ મંત્રીએ મંદિરમાં પુજા અર્ચના કરીને ગુજરાતની જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી, ત્યાર બાદ મંત્રીશ્રીએ મંદિરના પાછળના ભાગમાં વિકસાવવામાં આવેલા ગાર્ડનમાં વૃક્ષારોપણ કર્યું હતું. ગાર્ડનમાં બેસવા માટેના બાંકડા, પીવાના પાણીની સુચારૂ વ્યવસ્થા તથા ડ્રીપ ઈરીગેશન મારફતે વૃક્ષોને પિયત કરવા સુચવ્યું હતું. આ તકે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં જસદણ-વિંછીયા તાલુકાઓ આર્થિક, સામાજિક અને આધ્યાત્મિકતાના કેન્દ્ર તરીકે વિકાસ પામી રહ્યા છે. મીનળદેવી માતાજી મંદિરના નવીનીકરણ તથા તેના લોકાર્પણને કારણે પ્રવાસનને વેગ મળશે. શ્રાવણ માસ દરમિયાન સમગ્ર માસ દરમિયાન અહીંયા મેળો યોજાય છે. જેનું સમગ્ર આયોજન રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર પ્રભવ જોશી તથા પ્રાંત અધિકારી ગ્રીષ્મા રાઠવાએ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને ઉપસ્થિત મહાનુભાવોને મેળાના આયોજન, કાયદો અને વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન અને દર્શનાર્થીઓની સુરક્ષા-સલામતી તથા અન્ય વ્યવસ્થાઓ અંગે માહિતગાર કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ, રાજકોટ દ્વારા અંદાજિત રૂા.૧,૮૬,૨૬,૦૦૦ ના ખર્ચે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મીનળદેવી મંદિરનું રાજસ્થાની સેન્ડ સ્ટોનથી મારબલ ફલોરીંગ અંદાજિત રૂા.૧૬,૯૦,૦૦૦ ના ખર્ચે, મીનળદેવી મંદિર ટેકરી ઉપર જવા માટે ૩.૬૫ મીટર પહોળાઈના પગથીયા તથા રેલીંગનું કામ રૂ. ૪૪૫૬૦૦૦ના ખર્ચે, રૂા.૬ લાખના ખર્ચે પગથીયાની બન્ને તરફ વચ્ચેના ભાગમાં વિશ્રામ કુટીર, રૂા.૪૪,૭૫,૦૦૦ ના ખર્ચે ટેકરીની ઉપરના સમસ્થળ ભાગમાં ગાર્ડન તથા બાળકો માટે રમતગમતની રાઈડ, રૂા. ૨૫,૬૫,૦૦૦ ના ખર્ચે કમ્પાઉન્ડ વોલ, રૂા.૩,૪૦,૦૦૦ ના ખર્ચે પગથીયા પાસે સેન્ડ સ્ટોનની ડેકોરેટીવ આર્ચનું પ્રવેશદ્વાર, રૂા. ૨,૦૦,૦૦૦ લાખના ખર્ચે મુખ્ય મંદિરમાં ગ્રાઉન્ડ લેવલથી ચડાવી શકાય તે અનુસારની વ્યવસ્થાના ધ્વજા દંડ શિખર ઉપરનું સ્ટીલ પ્લેટફોર્મ તથા શિખર ઉપર જવાની સ્ટીલ સીડી તથા રૂા. ૨૧,૫૦,૦૦૦ ના ખર્ચે વોટર સપ્લાય માટે ડીપવેલ બોર સબમર્શીબલ પંપ, વોટર પંપ, વોટર સ્ટોરેજ ટેક તથા વોટર સપ્લાય પાઈપ લાઈન તથા રૂા.૨૧,૫૦,૦૦૦ ના ખર્ચે મીનળદેવી મંદિરના પાછળના ભાગમાં ક્રિડાંગણમાં તથા પગથીયા ઉપર ઈલેકટ્રીક પોલ, ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ, ઈલેકટ્રીક પાવર સપ્લાયની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

## ભવનાથ સ્થિત ભારતી આશ્રમ ખાતે વિદ્યાર્થીઓને બીલીના છોડનું વિતરણ કરાયું





જૂનાગઢ તા.૬

ગરવા ગિરનારની ગોદમાં શ્રી ભારતી આશ્રમ મધ્યે પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે ભગવાન શિવની પુજાની સાથે સાથે પ્રકૃતિનું પુજન કરવામાં આવ્યું હતું. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અભિયાન એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત શ્રી ભારતીબાપુ વિદ્યાધામ ભવનાથ જૂનાગઢ દ્વારા પરમ પુજય મહાદેવ ભારતીબાપુના હસ્તે દરેક વિદ્યાર્થીઓને એક બીલી વૃક્ષ આપવામાં આવ્યું હતું અને સંકલ્પ લેવડાવ્યો કે અમે આ વૃક્ષ વાવીશું અને તેનું કાયમી જતન કરીશું.

## સોમનાથ સીટી બસ સેવા પ્રારંભને સોસાયટીએ ઉત્સાહભેર આવકાર્યો



(પ્રતિનિધી દ્વારા) પ્રભાસ પાટણ તા.૬

સોમનાથ-વેરાવળના વિદ્યુતનગર સોસાયટી અને આજુબાજુના વિસ્તારોની લાંબા સમયની માંગણી ધ્યાને લઈ વેરાવળ નગરપાલીકા દ્વારા બે સીટી બસોનો પ્રારંભ કરાતા જેનું વિદ્યુતનગર સોસાયટીના સભ્યો અને પરિવારોએ ડ્રાઈવર-કંડકટરનું હાર તોરાથી સન્માન કરાયું અને વિદ્યુતનગર સોસાયટીના સભ્યો દિનેશ વૈદ્ય, ઝાલાભાઈ મહેતાભાઈ, ખીમા ચાવડા સૌએ સગવડતા બદલ આભાર દર્શન કર્યુ.

## ઉના ધારાસભ્ય કે.સી. રાઠોડ અને મધુવન પરિવાર વચ્ચે થયેલ ફાયરિંગમાં બંને પક્ષો નિર્દોષ જાહેર

(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા.૬ : કોરોના સમય દરમ્યાન થયેલ ફાયરિંગના પ્રકરણમાં બને પક્ષ વચ્ચે થયેલ સમાધાન દરમ્યાન ઉના સેશન્સ કોર્ટમાં છેલ્લા ચાર વર્ષથી બંને પક્ષ વચ્ચે સુખદ સમાધાન દરમ્યાન ઉનાનાં ધારાસભ્ય કે.સી. રાઠોડ અને મધુવન પરિવાર વચ્ચે વર્ષો જૂના માં દુઃખ વચ્ચે સમાધાન થયેલ જ્યારે ફાયરિંગના બંને સામ સામા કેસ ચાલતા હોય એ દરમ્યાન ઉના સેશન્સ કોર્ટમાં દરજી જજ દ્વારા બંને પક્ષને નિર્દોષ જાહેર કરતાની સાથે જ બંને પક્ષકારો વચ્ચે ભેટી પડેલ અને ખુશીનો માહોલ છવાયેલ હતો. કોરોના સમય દરમ્યાન થયેલ માથાકૂટનો આખરે બંને પક્ષ વચ્ચે થયેલ સમાધાનનો આખરી ચુકાદો આવતા ખુશીનો માહોલ છવાયો હતો.

## કલ્યાણપુરના વીરપર ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ શખ્સો ઝડપાયા : બે ફરાર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પોલીસ દ્વારા ગત સાંજે કલ્યાણપુર પંથકમાં હાથ ધરવામાં આવેલા પ્રોહી. પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ લાખાભાઈ પિંડારિયા, દિનેશભાઈ માડમ તેમજ પ્રવીણભાઈ માડમને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુરથી આશરે ૪૦ કિલોમીટર દુર વીરપર ગામના એક મંદિરની પાછળના ભાગે આવેલી બાવળની ઝાળીમાં છુપાવીને રાખવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો કબજે લેવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં વીરપર ગામના રાહુલ કરસન ચાવડા, કરણ વીરા સોલંકી અને કાર્તિક દેવાણંદ ચાવડા નામના ત્રણ શખ્સોને રૂપિયા ૨૭,૨૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૬૮ બોટલ તથા રૂપિયા ૧૦,૫૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૩૭,૭૦૦ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ત્રણ શખ્સોની અટકાયત કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન રાજકોટના રહીશ સાગર નામના શખ્સ તેમજ વીરપર ગામના ગોવિંદ કેશુર લગારીયા નામના બે શખ્સો ફરાર જાહેર થયા છે.

જે અંગે કલ્યાણપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી. ના પી.આઈ. કે.કે. ગોહિલની સૂચના મુજબ પી.એસ.આઈ. આકાશ બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, લાખાભાઈ પિંડારિયા, દિનેશભાઈ માડમ, પ્રવીણભાઈ માડમ તથા હસમુખભાઈ કટારા દ્વારા કરવામાં આવી હતી.

## ખંભાળિયામાં ચેક રિટર્ન કેસના બે ફરાર આરોપીઓ ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાની ચીફ જ્યુડીશ્યલ કોર્ટમાં થોડા સમય પૂર્વે જે-તે આસામીઓ દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ કરવામાં આવેલી ફરિયાદના અનુસંધાને ખંભાળિયા તાલુકાના વિરમદળ ગામે રહેતા ભરત હીરાભાઈ મકવાણા તેમજ જુવાનગઢ ગામના દેશુર ધરણાત સુવા નામના બે શખ્સોને નામદાર અદાલતે તકસીરવાન ઠેરવી, સજાનો હુકમ કર્યો હતો. જે પૈકી વર્ષ ૨૦૨૨ ના ચેક રિટર્ન કેસના આરોપી ભરત મકવાણાને ત્રણ માસની સાદી કેદ તેમજ ચેકના રૂા.૭૭,૦૦૦ નો દંડ તેમજ અન્ય આરોપી દેશુર સુવાને વર્ષ ૨૦૨૩ ના ચુકાદામાં ત્રણ માસની કેદ તથા ચેકના રૂપિયા ૫૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. ઉપરોક્ત બંને આરોપી લાંબા સમય થયા નાસતા ફરતા હોય, જે સંદર્ભે અહીંના પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત બંને નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત ચોક્કસ બાતમીના આધારે બંનેને ઝડપી લઈ, કોર્ટ સમક્ષ રજૂ કરાયા હતા. બન્ને આરોપીઓએ અનુક્રમે પાંચ માસથી તથા આઠ માસથી નાસતા ફરતા હતા. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. બી.જે. સરવૈયા, પી.એસ.આઈ. ડી.જી. પરમાર, રોહિતભાઈ થાનકી, વિરપાલભાઈ લુણા તથા માંડણભાઈ ગઢવી દ્વારા કરવામાં આવી હતી.

## ભાટીયા ખાતે તાલુકા કક્ષાના વિશ્વ સ્તનપાન સપ્તાહ કાર્યક્રમની ઉજવણી કરાઈ



જામ ખંભાળિયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નયારા એનર્જી સંચાલિત પ્રોજેક્ટ તુષ્ટિ અને આઈ.સી.ડી.એસ. શાખા તથા જિલ્લા આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે ગઈકાલે સોમવારે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા આઈ.સી.ડી.એસ વિભાગના ચેરમેન જગાભાઈ ચાવડા, કલ્યાણપુર તાલુકા મહીલા મોરચાના પ્રમુખ વનીતાબેન ચાવડા, સી.ડી.પી.ઓ. ગીતાબેન આંબલીયા, તથા આઈ.સી.ડી.એસ. વિભાગ, આરોગ્ય વિભાગ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીના તથા અન્ય અધિકારી તથા કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને લાભાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સાથે પુરક પોષણમાંથી બનેલી વાનગીઓનું નિર્દેશન, વિવિધ રમતો, સંપરામર્શ, યોગ, સ્તનપાનની રીતો વગેરે અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી.

ઊનાના દ્રોણેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસ નિમીત્તે

## જય જલારામ મિત્ર મંડળ દ્વારા ભોજન પ્રસાદ અને ફળ આહારનો પ્રારંભ કરાયો

ઊના તા.૬

ઊનાથી વીસ કિલોમીટર દૂર ગીરગઢડા તાલુકાના દ્રોણ ગામે હજારો વર્ષ પહેલાં પાંડવોના ગુરૂ દ્રોણાચાર્યએ શિવલિંગની સ્થાપન કરી મંત્ર શક્તિથી પથ્થરની શિલામાં બાણ મારી ગંગાજી પ્રગટ કરેલ તે હજારો વર્ષથી શિવલિંગ ઉપર અખંડ અવિરત શિવલિંગ ઉપર ગંગાજીનો અભિષેક થાય છે. તેવા પૌરાણીક અને પ્રાચીન મંદિરમાં શ્રાવણ માસમાં સેંકડો ભાવિકો આવતા હોય તેમના



માટે સતત પાંચમાં વર્ષે ઊનામાં પંદર વર્ષથી વિનામૂલ્યે આંખના નિદાન કેમ્પ કરતી મોતિયાના ઓપરેશન કરાવતી અને તેર વર્ષથી રોજ સાંજે સીતેરથી વધુ ભૂખ્યાને ભોજન આપતી જય જલારામ મિત્ર મંડળ ઊનાના સભ્યો દ્વારા દાતાઓ તથા દ્રોણેશ્વર ટ્રસ્ટના સહકારથી શ્રાવણ માસના ત્રીસ દિવસ સુધી દરરોજ બપોરના ૧૧.૩૦ થી ૧.૩૦ સુધી ભવિકોને વિનામૂલ્યે ભોજન પ્રસાદ અને ફરાળ આહાર શરૂ કરવામાં આવ્યો છે. સેંકડો ભાવિકો પ્રસાદનો લાભ લઈ રહ્યા છે.

## ઉનામાં જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૬

ઊના શહેરમાં ઠેક ઠેકાણે શ્રાવણીયા જુગારની મોસમ ખુલી છે તે પ્રવૃતિ બંધ કરાવવા ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા અને પી.એસ.આઈ. આર.પી. જાદવ, એ.એસ.આઈ. જોરૂભા નારણભાઈ મકવાણા, હેડ કોન્સ્ટેબલ નાનજીભાઈ સાર્દુલભાઈ ચુડાસમા, રાહુલભાઈ નારણભાઈ છેલના, વિજયભાઈ દૂદાભાઈ ચોહાણ અને સર્વેલન્સના સ્ટાફે ઊનાના ખોડીયારનગરમાં બાપા સીતારામના મંદિરના ચોરા પાસે ગોળ કુંડાળું કરી રૂપિયાની હારજીતનો તીનપત્તી નામનો જુગાર રમતા વિજય લખમણભાઈ ચોહાણ, મનીષ મોહનભાઈ ચુડાસમા, મેહુલ રામભાઈ ચુડાસમા, દિનેશ છગનભાઈ સોલંકી, સંજય ભૂપતભાઈ ચોહાણ, રાહુલ રામભાઈ ચુડાસમા, રાહુલ ચનાભાઈ મેવાડા, બાબુ ઉકાભાઈ વાંઝા, ગૌતમ અશ્વિનભાઈ રાઠોડ, સાગર રવિભાઈ સોલંકી રે. તમામ ખોડીયારનગર ઊનાને પકડીને પટ્ટમાં રહેલ રોકડા રૂપિયા ૪૫ હજાર દસ રૂપિયા સાથે પકડી ઊના પોલીસ સ્ટેશનમાં લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.

# 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી સંપન્ન






જૂનાગઢ, તા.૬

નારી વંદન ઉત્સવ અંતર્ગત જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા તા.૫ ઓગસ્ટના રોજ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષસ્થાને, જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન તથા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન ગીતાબેન માલમની ઉપસ્થિતિમાં ''મહિલા નેતૃત્વ દિવસ''ની ઉજવણી કરવામાં આવી. મહનુભાવોએ મહિલા નેતૃત્વ પર પ્રવચન રજૂ કર્યુ.

જિલ્લા પંચાયત ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી સી.જી.સોજીત્રાએ શાબ્દિક સ્વાગત તથા કાર્યક્રમની રુપરેખા રજૂ કરી હતી. જિલ્લા પંચાયત સદસ્ય કંચનબેન ડઢાણીયા, ધર્મિષ્ઠાબેન કમાણી તથા બાળ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી ગીતાબેન માલમે તેમના ઉદબોધનમાં મહિલા નેતૃત્વની વિગતો વણી લીધી. ખેતી, પશુપાલન, સામાજિક, રમતગમત સહિત વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પાદરીયા તથા ઈવનગર બાલિકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મદદનીશ કલેક્ટર ઐશ્વર્યા દુબે, નાયબ જિલ્લા વિકાસ અધિકારી મીરાબેન સોમપુરા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિરલ આહિર, નાયબ પશુપાલન અધિકારી પાનેરા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી બી.ડી.ભાડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મહિલા અને બાળ કચેરી સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી, તેમ જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સ્વપ્ન યુવા વિકાસ મંડળ દ્વારા વૃધ્ધાશ્રમમાં ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરાઈ



જૂનાગઢ, તા.૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વપ્ર યુવા વિકાસ મંડળ - જૂનાગઢના સભ્યો ફ્રેન્ડશીપ ડે (મિત્રતા દિવસ)ની ઉજવણી વૃધ્ધ નિકેતન વૃદ્ધાશ્રમમાં જઈને વડીલો સાથે કરવામાં આવી હતી. વડીલો સાથે સમય પસાર કરીને, એ લોકોને ફ્રેન્ડશીપ બેલ્ટ પહેરાવીને એમને મીઠાઈ ખવડાવી મોઢું મીઠુ કરાવ્યું હતું અને એમના ચહેરા ઉપર સ્મિત આવે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સ્વપ્ર યુવા વિકાસ મંડળના પ્રમુખ હર્ષદ વાજા, અન્ય સભ્યો અંકિત ખાણધા, શુભમ સોલંકી અને સાક્ષી દવેએ જૂના ગીતો, ભક્તિ ગીતો અને દેશભક્તિના ગીતો રજૂ કરીને વડીલોને આનંદ કરાવ્યો હતો. વડીલો સાથે રાસ ગરબા રમી કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો. આ કાર્યક્રમમાંને સફળ બનાવવા માટે સ્વપ્ર યુવા વિકાસ મંડળના અન્ય સભ્યો નિશાંત ઝાલા, બીનાબેન પંચાલ, નીતિન મશરૂ, નિતા સુંદરવા, વિનોદ રામાણી, દેવેન્દ્ર કુંડેચા અને વૃધ્ધ નિકેતન વૃદ્ધાશ્રમના રજનીબેને અને રાજુભાઈએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# રાષ્ટ્રીય પર્વ : સ્વતંત્રતા દિવસની જીલ્લા કક્ષાની ઉજવણી જૂનાગઢમાં થશે

## કૃષિ અને જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન




૧૫ ઓગષ્ટની પૂર્વ તૈયારીઓ માટે જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક યોજાઈ

જૂનાગઢ, તા.૬

રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી જૂનાગઢ સ્થિત પી.ટી.સી. ગ્રાઉન્ડ ખાતે થશે. કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના દિશાનિર્દેશ મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અંગે પૂર્વ તૈયારીઓ શરુ કરવામાં આવી છે. ૭૮માં સ્વતંત્રતા દિવસની જિલ્લાકક્ષાની ઉજવણીમાં રાજ્યના કૃષિ અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન થશે. ધ્વજવંદન થવાનું છે તે સ્થળની તપાસ કરવી, મંચ તૈયાર કરવું, રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટેની તૈયારી, સ્થળ ઉપર મેડિકલ અને ફાયર સેફટી અંતર્ગતની જરુરી કામગીરી, ટ્રાફિક નિયમન, સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કૃતિ રજૂ કરતા ભૂલકાઓને અલ્પાહાર સહતિ જરુરી વ્યવસ્થાઓ માટે ઘટતું થાય તે જોવા સંબંધિત અધિકારીઓને, જિલ્લા કલેકટરે સૂચના આપી હતી. સાફ-સફાઈ, વૃક્ષારોપણ, વીજ પુરવઠો, પાણી, લાઈટીંગ અને ડેકોરેશન તેમજ પરેડની કામગીરી માટે પોલીસ બંધોબસ્ત ગોઠવવા સહિતની બાબતો માટે માર્ગદર્શન સાથે નિર્દેશ આપ્યા હતા.સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નાગરિકો ઘરે ઘરે તિરંગો લહેરાવે તે માટે જાગૃત્તિ કાર્યક્રમ, તિરંગા યાત્રા યોજાશે. જિલ્લાની વિવિધ શાળાઓમાં દેશભક્તિ થીમ આધારિત ચિત્ર અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. સ્વતંત્રતા દિવસે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના રમતવીરો તેમજ પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધી મેળવનાર પ્રતિભાઓનું સન્માન કરવામાં આવશે. સમગ્ર બેઠકનું સંચાલન જૂનાગઢ જિલ્લા અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, નાયબ વન સંરક્ષક અધિકારી અક્ષય જોષી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના સંબંધિત કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.સુભાષ યુનિવર્સિટી સ્કૂલો ઓફ ફાર્મસી ખાતે બી.ફાર્મ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો



જૂનાગઢ, તા.૬

જૂનાગઢની ડો.સુભાષ યુનિવર્સિટી ખાતે તા ૫ ઓગસ્ટ,૨૦૨૪ના રોજ સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. બેચલર ઓફ ફાર્મસીના નવા વિદ્યાર્થીઓને અવકારવા યોજાયેલ.

આ સત્કાર સમારંભમાં સ્કૂલ ઓફ ફાર્મસીના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તકે પોલીસ ઈન્સ્પેકટર જતીન પટેલ સાહેબ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢ એ સહવિશેષ હાજરી આપી કાર્યક્રમને વધુ ખાસ બનાવ્યો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪ **Graduate Pharmacy Aptitude Test (GPAT)** માં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓને તેમજ રાષ્ટ્રીય સ્તરે રમત ગમતમાં ડો.સુભાષ યુનિવર્સિટીનું ગૌરવ વધારનાર ખેલાડીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા, હૈદરબાદ દ્વારા યોજાયેલા મેક ઈન્ટર્ન ચેમ્પિયનશિપના વિજેતાઓને પણ આ તકે સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા કાર્યક્રમના કોઓર્ડીનેટર પ્રો. હિરલ પોપાણીયા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. આ ઉત્કૃષ્ટ સફળતા માટે સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખરાજભાઈ ચાવડા તેમજ ડો. દીપક પટેલ શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુક્ષ્મ જીવાણુઓને ગરમી, ઠંડી, અતિવૃષ્ટિ અને વાવાઝોડા જેવા ખતરાથી બચાવવા માટે આચ્છાદન જરૂરી

## વનસ્પતિના અવશેષોનું મલ્ચિંગ એ શ્રેષ્ઠ નિંદામણ નાશક પદ્ધતિ : આચ્છાદનના વિવિધ પ્રકારો અને પદ્ધતિઓ ખેડૂતો માટે લાભકારક

જૂનાગઢ, તા.૬

જમીનમાં આચ્છાદન કે મલ્ચિંગ કરવાથી જમીનની લાંબા ગાળે ફળદ્રુપતા વધવી, ભેજનું પ્રમાણ જળવાઈ રહેવું સહિત અનેકવિધ ફાયદા છે, જો ખેડૂતો દ્વારા પાકના વાવેતરમાં વખતોવખત અને પદ્ધતિસર અચ્છાદન કરવામાં આવે તો, ખેત ઉત્પાદન વધારવામાં ખૂબ લાભો મેળવી શકાય.

રાજયમાં પ્રાકૃતિક કૃષિનું અભિયાન મિશન મોડ ઉપર આગળ વધી રહ્યું છે, જૂનાગઢ જિલ્લામાં પણ ૨૩,૪૫૧ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે, ઝેર મુક્ત અને કુદરતી વ્યવસ્થાઓમાં સહયોગી એવી પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોને પોતાની ઉપજના સારા ભાવ મળવાના પરિણામે તેમની આવક પણ વધી છે. જિલ્લામાં પ્રાકૃતિક ખેતી ના તમામ આયામો ખેડૂતો સુધી પહોંચે અને તેમને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે આત્મા પ્રોજેક્ટ હેઠળ તાલીમ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતીના મહત્વના ઘટક એવા અચ્છાદનની જમીનની તંદુરસ્તી વધારવામાં મોટી ભૂમિકા રહેલી છે. પ્રાકૃતિક કૃષિમાં જમીનમાં ઉત્પન્ન થતા સુક્ષ્ણ જીવાણુઓનું અતિ મહત્વ છે. જમીનને ફળદ્રુપ બનાવતા ખેડૂતોના સાચા મિત્ર એવા આ જીવાણુઓને ગરમી, ઠંડી, અતિવૃષ્ટિ અને વાવાઝોડા જેવા ખતરાથી બચાવવા માટે આચ્છાદન (મલ્ચિંગ) જરુરી છે.

આચ્છાદન દ્વારા જમીનને વધુ સારી ગુણવત્તા અને ઉપજ આપતી બનાવી શકાય છે. આચ્છાદન પવનની ગતિ ઘટાડે છે જેથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે, વરસાદની ગતિની અસર પણ ઘટાડે છે જેથી જમીન પર ખાડા પડતા નથી. આમ, અનેકવિધ ફાયદાઓ ધરાવતા આચ્છાદન અને તેને લગતી માહિતી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા લખવામાં આવેલા પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ'માં આપવામાં આવી છે. આચ્છાદન - મલ્ચિંગ ત્રણ પ્રકારનામાં મૃદાચ્છાદન (માટીનું મલ્ચિંગ), કાષ્ટાચ્છાદન (વનસ્પતિનાં અવશેષોનું મલ્ચિંગ) અને સજીવાચ્છાદાન (આંતરપાક અથવા મિશ્ર પાકોનું મલ્ચિંગ)નો સમાવેશ થાય છે. જમીનની ખેડ બળદ સંચાલિત હળ અથવા ઓછા વજનવાળા ટ્રેક્ટર સંચાલિત રોટાવેટરથી કરવામાં આવે છે કારણ કે, હલકા સાધન વડે ખેડ કરવાથી જીવાણુઓને નુકસાન થતું નથી. માટીમાંથી ૩૬ ડીગ્રી ઉચ્ચ તાપમાને કાર્બન ઉડવાની શરુઆત થાય છે. ઉપરાંત ભેજ પણ હવામાં ઉડવાનું શરુ કરી દે છે. એકદમ ગરમી અથવા ખૂબ ઠંડીને કારણે જમીન ફુલે અથવા સંકોચાય છે. જેનાથી જમીનમાં તિરાડો પડે છે. આ તિરાડોમાંથી ભેજ બાષ્પીભવન દ્વારા હવામાં જતો રહે છે. તેનાથી જમીનમાં ભેજ ઓછો થાય છે અને જમીનમાં જીવાણું તથા છોડનાં મૂળને ભારે નુકશાન થાય છે. આ નુકશાન ઘટાડવા માટે જમીનમાં હળવું ખેડાણ કરવામાં આવે છે અને ભેજને સુરક્ષિત રાખવા માટે જમીનની સપાટી પર વનસ્પિતિનાં અવશેષોનું આવરણ (મલ્ચિંગ) કરવામાં આવે છે. વનસ્પતિનાં અવશેષોનું આચ્છાદન (મલ્ચિંગ)એ શ્રેષ્ઠ નિંદામણ નાશક પદ્ધતિ છે. નીંદણનાં બીજને અંકુરિત થવા માટે સુર્યપ્રકાશ જરુરી છે, પરંતુ જમીન પર વનસ્પતિનાં એવશેષોનું આવરણ કરવાથી સૂર્યપ્રકાશ મળતો નથી. જેને લીધે નીંદામણનાં અંકુરિત થઈ શકતા નથી. આ રીતે નીંદણનું નિયંત્રણ કરી શકાય છે.

આચ્છાદનથી ભેજના કણો પણ ઉડતા નથી અને જમીનમાં ભેજ પણ જળવાઈ રહે છે જેના કારણે જમીન જીવંત બને છે. આચ્છાદન પવનની ગતિને ઘટાડે છે. આમ, જમીનમાં ભેજ વધુ જળવાઈ રહે છે. આચ્છાદન વરસાદની ગતિને ઘટાડે છે જેથી જમીન પર ખાડા પડતા નથી અને ભેજ વહી જતો અટકે છે. વધારે ગરમીમાં ભેજને જાળવી રાખવા માટે આચ્છાદન ખૂબ જ મહત્વનું કામ આપે છે. ખૂબ જ ગરમીના લીધે ભેજ કાર્બન ડાયોક્સાઈડ બનીને હવામાં ઉડી જાય છે. જેના કારણે સરેરાશ તાપમાનમાં વધારો થઈ શકે છે.

જો કોઈ વર્ષમાં દુષ્કાળ આવે તો પણ આચ્છાદન હવામાંથી ભેજ લઈને છોડને સુરક્ષિત રાખે છે. જયારે એકદળ અથવા દ્વિદળ પાકના અવશેષોનું જમીનની સપાટી પર આચ્છાદન (મલ્ચિંગ) કરવામાં તો જમીનમાં જીવ દ્રવ્યનું પ્રમાણ જળવાઈ રહે છે. જીવ દ્રવ્યની હાજરીથી જમીન ફળદ્રુપ બને છે. એક લીટર જીવ દ્રવ્ય હવામાંથી ૬ લીટર પાણી શોષે છે. આ કારણે કુદરતી દુષ્કાળના સમયમાં પણ પ્રાકૃતિક કૃષિ ખીલે છે. એટલે કે સારું ઉત્પાદન આપે છે કારણ કે, જીવ દ્રવ્ય મૂળનો ખાદ્ય ભંડાર હોય છે. મૂળ જીવદ્રવ્યમાંથી પોષકતત્વો લે છે અને પાકના શરીરમાં સંગ્રહિત કરે છે. જયારે જમીન પર સજીવ આચ્છાદન કરવામાં આવે એટલે કે મિશ્ર પાક અથવા આંતરપાક લીધા પછી પાકનાં અવશેષોને જમીનમાં ભેળવી દેવામાં આવે તો તેમાં રહેલા પોષક તત્વો જમીનમાં ઉમેરાય છે. જે પાક લઈ શકે છે. પ્રાકૃતિક કૃષિ જમીનમાં બેકટેરીયાના અવશેષો (શરીર) જમીનમાં ભળી પાકને તેમા રહેલા તમામ પ્રકારના પોષકતત્ત્વો આપે છે અને પાક સારુ ઉત્પાદન આપે છે.

એવી જ રીતે જમીનમાં ઉગતા નીંદણને પણ જો જમીનમાં ભેળવી દેવામાં આવે તો તેમાં રહેલા પોષકતત્વો પાકને મળે છે. નીંદણના પાંદડા પર રહેલા કિટકો નુકશાન પહોંચાડનારા કિટકોનો નાશ કરે દે છે. આમ, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં આચ્છાદન (મલ્ચિંગ)ના ઘણા લાભ છે જે ખેડૂતોને લાંબાગાળે ઉત્પાદન વધારવામાં અને જમીનને ફળદ્રુપ બનાવવા માટે ઉપયોગી છે.

# આ વર્ષે શ્રાવણ માસ સોમવારથી શરૂ થશે અને સોમવારે પુરો થશે


## શ્રાવણ માસ હિન્દુ ધર્મમાં વર્ષનો સૌથી પવિત્ર મહિનો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

હિંદુ શાસ્ત્ર અનુસાર આ મહિનામાં ભગવાન શિવની પુજા કરવાથી અનેકગણુ પુણ્ય મળે છે. ભગવાન શિવને બીલીપત્ર અતિપ્રિય છે. તેથી આ શ્રાવણ માસમાં ભગવાન શિવને રોજ જળનો અભિષેક કરી તેના ઉપર બીલીપત્ર ચડાવવાથી ભગવાન શિવ અતિ પ્રસન્ન થાય છે. કહેવાય છે કે ભગવાન શિવની પૂજા બીલીપત્ર વિના અધુરી છે. શ્રાવણ માસમાં ૧૧ બીલીપત્રના વૃક્ષનું વૃક્ષારોપણ કરી તેને નિયમિત પાણી પાવામાં આવે તો વ્યકિતના દરેક પાપ દૂર થાય છે. શ્રાવણ માસ માટે કહેવાય છે કે આ માસમાં ઋપી માર્કંડેના પુત્ર ઋષી માર્કંડેય ને મૃત્યુ અને રોગથી બચવા શ્રાવણ માસમાં ભગવાન શિવનું કઠોર તપ કર્યુ હતું અને મહામૃત્યુંજય મંત્રનુ અવિરત જાપ કર્યા હતા તેથી યમરાજ પણ ઋષી માર્કંડેય નો જીવ લઈ શક્યા ન હતા અને તેમને પાછા ફરી જવુ પડયુ હતું. એવું પણ કહેવાય છે કે શ્રાવણ માસ દરમ્યાન ભગવાન વિષ્ણુ પાતાળ લોકમાં થોર નિદ્રામાં સરી પડયા હતા અને પૃથ્વી પરનું સંચાલન કરવા ભગવાન શિવ અને માતા પાર્વતી એ ધરતિ પર અવતરણ કર્યુ હતું. આ માસમાં ભગવાન શિવને પામવા માતા પાર્વતીએ કઠીન તપ કર્યુ હતું અને ભગવાન શિવ પ્રસન્ન થઈ ધરતી ઉપર અવતરણ કર્યુ હતું. શ્રાવણ માસ એ ભગવાન શિવ અને તેના પરમ ભકતો વચ્ચે સેતુ બાંધવા બંનેને એકબીજાની નજીક આવવા માટેનો પવિત્ર મહિનો છે. આવા શ્રાવણ માસ દરમ્યાન શિવ મંદિર ન જઈ શકો તો કમસે કમ શ્રાવણ માસમાં દરેક સોમવારે શિવલીંગ ઉપર દૂધ અને પાણીથી અભિષેક કરી તેના ઉપર બીલીપત્ર ચડાવવાથી ભગવાન શિવ ખૂબ જ પ્રસન્ન થાય છે તેમ શેઠ બ્રધર્સના ભગવાન શિવમાં ખૂબજ શ્રધ્ધા ધરાવતા દેવેનભાઈ શેઠ એ જણાવ્યું હતું. તેમજ આ માસ દરમ્યાન પોતાનાથી શક્ય હોય એટલા બીલીના વૃક્ષનું વૃક્ષારોપણ કરી તેને નિયમિત જળ અર્પણ કરી ભગવાન શિવની અસીમ કૃપાને પાત્ર બની શકાય છે.

# આજે ૬ ઓગસ્ટ હિરોશિમા દિવસ




હિરોશિમા દિવસ : ૬ ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ, યુએસએ જાપાનના શહેર હિરોશિમા પર સવારે ૮:૧૫ વાગ્યે પરમાણુ હથિયાર, 'લિટલ બોય' છોડ્યું, ત્યારથી, દિવસને હજારો મૃત્યુના શોકના પ્રસંગ તરીકે મનાવવામાં આવે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે. બચી ગયેલા અને આવનારી પેઢીઓ. હિરોશિમા અને નાગાસાકી દિવસ ૨૦૩૨: હિરોશિમા અને નાગાસાકી દિવસ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અણુ બોમ્બ વિસ્ફોટના વિનાશને ચિહ્નિત કરવા માટે મનાવવામાં આવે છે. ૬ઠ્ઠી ઓગસ્ટે 'લિટલ બોય'ની ભયાનકતા અને ૯મી ઓગસ્ટે 'ફાથ મેન'ની ભયાનકતાએ પરમાણુ નિઃશસ્ત્રીકરણ પર વૈશ્વિક ચર્ચાઓને વેગ આપ્યો. આ વર્ષે પરમાણુ હુમલાની ૭૮મી વર્ષગાંઠ છે જેના કારણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાને શરણાગતિ સ્વીકારી હતી. નાગાસાકી જેનું ભાષાંતર લોંગ કેપ સિટી થાય છે તે જાપાનમાં ક્યુશુ ટાપુ પરનું રાજધાની અને સૌથી મોટું શહેર છે અને પરમાણુ બોમ્બ ધડાકાએ જાપાનના લોકોને શારીરિક, ભાવનાત્મક અને આર્થિક રીતે હચમચાવી દીધા હતા, જે આગળ શરણાગતિ અને બીજા વિશ્વ યુદ્ધના અંત તરફ દોરી ગયા હતા. હિસ્ટરી ચેનલના અહેવાલ મુજબ, "હિરોશિમાની વિનાશ તાત્કાલિક જાપાની શરણાગતિને બહાર કાઢવામાં નિષ્ફળ ગઈ, જો કે, અને ૯ ઓગસ્ટના રોજ મેજર ચાર્લ્સ સ્વીનીએ અન્ય મ-૨૯ બોમ્બર બોક્સકારને ટિનીયનથી ઉડાન ભરી. પ્રાથમિક લક્ષ્ય, કોકુરા શહેર પર ગાઢ વાદળો, સ્વીનીને ગૌણ લક્ષ્ય, નાગાસાકી તરફ લઈ ગયા, જ્યાં તે સવારે ૧૧:૨ વાગ્યે પ્લુટોનિયમ બોમ્બ "ફેટ મેન" છોડવામાં આવ્યો હતો. હિરોશિમા ખાતે વપરાતા બોમ્બ કરતાં વધુ શક્તિશાળી, લગભગ ૧૦,૦૦૦ પાઉન્ડ વજનનો બોમ્બ અને ૨૨-કિલોટન બ્લાસ્ટ બનાવવા માટે બનાવવામાં આવ્યો હતો.

- ડો..જી.આર.ગોહીલ

# ગીર સોમનાથ જીલ્લામાં સિઝનનો સરેરાશ ૭૯૩.૫ મી.મી. વરસાદ

## સૌથી વધુ વેરાવળ-પાટણ તાલુકામાં ૧૦૧૯ મી.મી. વરસાદ નોંધાયો

પ્રભાસ પાટણ, તા.૬

ગીર સોમનાથ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ રૂમ તરફથી પ્રાપ્ત અહેવાલ મુજબ ૬ તાલુકામાં સિઝનનો અત્યાર સુધીનો સરેરાશ ૭૯૩.૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વેરાવળ તાલુકામાં ૧૦૧૯ મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં સિઝનના અત્યાર સુધીના વરસાદના આંકડા જોઈએ તો ગીરગઢડા તાલુકામાં ૫૭૪ મી.મી., તાલાલા તાલુકામાં ૯૮૭ મી.મી., વેરાવળ-પાટણ તાલુકામાં ૧૦૧૯ મી.મી., સુત્રાપાડા તાલુકામાં ૮૭૪ મી.મી., કોડિનાર તાલુકામાં ૭૮૨ મી.મી. અને ઊના તાલુકામાં ૫૨૫ મી.મી. જેટલો વરસાદ નોંધયો છે.

આમ, જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટના કંટ્રોલ રૂમમાં તા.૫-૮-૨૦૨૪ના સાંજના ૪ વાગ્યા સુધીમાં કુલ સરેરાશ ૭૯૩.૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. ગીર સોમનાથ જિલ્લાના પ્રત્યેક તાલુકામાં આ મૌસમનો કુલ વરસાદની પરિસ્થિતિ જોઈએ તો જિલ્લામાં સૌથી વધુ વરસાદ વેરાવળ તાલુકામાં ૧૦૧૯ મી.મી. નોંધાયો છે, જ્યારે ઊના તાલુકામાં સૌથી ઓછો ૫૨૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# બજેટમાં રેલવેના વિકાસની વાત

રેલવેની દૃષ્ટિએ ૨૦૨૪-૨૫નું બજેટ આશા પર ખરું ઉતર્યું છે. બજેટ ભાષણમાં બેશક એકાદ જગ્યાએ જ રેલવેનો ઉલ્લેખ કરવામાં આવ્યો, પરંતુ આર્થિક સર્વેક્ષણના સંદર્ભમાં જો બજેટને જોઈએ તો તેમાં રેલવે સાથે જોડાયેલ કેટલીય જાહેરાતો અને પ્રોત્સાહનો દેખાઈ રહ્યા છે. વિશાખાપટ્ટમ-ચેન્નઈ ઔદ્યોગિક કોરિડોર, હૈદરાબાદ-વારંગલ ઔદ્યોગિક કોરિડોર જેવી પરિયોજનાઓમાં રેલવેને ઘણું મહત્ત્વ મળ્યું છે. બિહારના પર્યટન સ્થળોને લઈને કરવામાં આવેલ જાહેરાતોમાં પણ રેલવેનો વિકાસ સામેલ છે. નાણાં મંત્રીએ બજેટમાં જે નવ પ્રાથમિકતાઓનો ઉલ્લેખ કર્યો, તેમાંથી ત્રણ - શહેરી વિકાસ, ઊર્જા સુરક્ષા અને બુનિયાદી માળખામાં પણ રેલવેની ઘણી હિસ્સેદારી છે. જેમ કે શહેરી વિકાસ અંતર્ગત દસ લાખથી વધુ આબાદીવાળા ચાર મોટા શહેરોમાં ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ડેવલપમેન્ટ, એટલે કે આવાગમનની દૃષ્ટિએ વિશ્વસનીય સેવાઓના વિસ્તારની જે કલ્પના કરવામાં આવી છે, તેમાં વધુ જોર મેટ્રો, ઉપનગરીય રેલવે સેવા પર જ હશે. એ જ રીતે, ઊર્જા સુરક્ષામાં પ્રાથમિકતા અક્ષય ઊર્જાને આપવામાં આવી છે, જેનાથી સ્વાભાવિક રીતે ભારતીય રેલવે કાર્બન મુક્ત થઈ જશે. અત્યાર સુધી રેલવેમાં ૯૬ ટકાથી વધુ વિદ્યુતીકરણનું કામ પૂરું થઈ ચૂક્યું છે. આશા છે કે આ વર્ષે તે સંપૂર્ણ રીતે વિદ્યુતીકૃત થઈ જશે. આ વીજળી પણ એવી છે, જેનો ૧૫ ટકા હિસ્સો અક્ષય ઊર્જાથી પ્રાપ્ત થાય છે. આ હિસ્સેદારી વર્ષ-દર-વર્ષ વધારીને ૨૦૩૦ સુધીમાં સો ટકા કરવાનું લ-ય રાખવામાં આવ્યું છે. હવે તો હાઈડ્રોજન ટ્રેન ચલાવવાના પ્રયાસ પણ કરાઈ રહ્યા છે.

રહી વાત બુનિયાદી માળખાના વિકાસની, તો રેલવેની મલ્ટીપ્લાયર ઈફેક્ટ સૌથી વધુ જણાવવામાં આવી છે. મલ્ટીપ્લાયર ઈફેક્ટ એટલે કે એક રૂપિયાના રોકાણમાં કેટલા રૂપિયાનો લાભ મળી શકે છે. બજેટ અનુસાર રેલવેના સૌથી વધુ સાડા ત્રણ ગણા મલ્ટીપ્લાયર ઈફેક્ટ છે, એટલે કે અહીં રોકાણના સાડા ત્રણ ગણા ફાયદો થઈ શકે છે.

અમૃત ભારત યોજના અંતર્ગત રેલવે સ્ટેશનોનો વિકાસ, મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ પ્રોજેક્ટ પર જોર અને માલગાડીઓ માટે સમર્પિત ફ્રેટ કોરિડોર પણ આ વખતના બજેટનું ઉલ્લેખનીય પાસું છે. ક્ષમતા વિસ્તાર અંતર્ગત રેલ પાટામાં સુધાર, વિદ્યુતીકરણ અને ડબ્બા એ રેલવે એન્જિનોનું 'અપગ્રેડેશન' પણ સુખદ છે. હવે તો ૧૨ હજાર હોર્સપાવરનાં એન્જિન પણ આપણે બનાવવા લાગ્યા છીએ, જ્યારે પહેલાં છ હજારથી અપગ્રેડ કરીને નવ હજાર હોર્સ પાવરનાં એન્જિન આપણે બનાવતા હતા. અમૃત અને વંદે ભારત ટ્રેનો અનુકૂળ ડબ્બા હવે વધુમાં વધુ બનાવાઈરહ્યા છે, અને આ બધાં કામ ત્યારે કરાઈ રહ્યાં છે, જ્યારે કોઈ ગંતવ્ય સ્થાનની ટિકિટ ખર્ચ કરતાં અડધાથી ઓછી રકમ યાત્રીઓ પાસે વસૂલવામાં આવે છે. આ જ કારણે યાત્રી સેવાઓથી ભારતીય રેલવેને દર વર્ષે લગભગ ૫૦-૫૫ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થાય છે, જેની માહિતી ટિકિટ પર લખાવા લાગી છે. મુશ્કેલી એ છે કે તેની ભરપાઈ માલ ભાડા વધારીને પણ નથી કરી શકાતી, કારણ કે તેનાથી મોંઘવારી વધવાનો અંદેશો વધી જાય છે.

નાણાં મંત્રીના બજેટ ભાષણ અનુસાર, રેલવેમાં જે ક્ષેત્રોમાં વધુ ધ્યાન આપવામાં આવશે, તેમાં સામેલ છે ક્ષમતાનો તીવ્ર વિસ્તાર, યાત્રીઓ દ્વાર ઉપયોગ કરાતી ચીજોનો પૂરતો પૂરવઠો અને સાફસફાઈ, સેવાઓની બહેતરી અને ઊર્જા દક્ષતા. તેના માટે રોકાણ વધારવાની સાથે સાથે હાઈ સ્પીડ ટ્રેનોના સંચાલન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. વાસ્તવમાં બજેટમાં રેલવેના બહુઆયામી વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું છે અને એ સમજવામાં આવ્યું છે કે ભારતીય રેલવે ખરેખર દેશના વિકાસની એન્જિન છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શબ્દોના બાળ વધુ ઘાયલ કરે છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૨ મંગલાગૌરી પૂજન તા.૬ ઓગષ્ટ ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૧, મઘા નક્ષત્ર, વરિયાન યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૩, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. નવિન લાભની તક મળે.
વૃષભ:નવિન વાહન, જમીનની ખરીદી થાય. વ્યર્થ ઉગ્રતાથી દૂર રહેવું.
મિથુન:ભાગીદારી સાથે મતભેદ, અગત્યના પ્રશ્નો ગુંચવાતા લાગે.
કર્ક: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય.
સિંહ: સફળતા માટે મહેનત વધારવી પડે. વ્યર્થ મનોભાર રહે.
કન્યા: વ્યાપાર-નોકરીમાં લાભ. આકસ્મીક-પ્રવાસ, મુસાફરી થાય.
તુલા: વડીલ વર્ગ કે મિત્રો સાથે વાણી ઘર્ષણ થાય.
વૃશ્ચિક:મહત્વના કાર્યોમાં રૂકાવટ, જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.
ધન: યશ, માન, કીર્તિમાં વધારો થાય. ધાર્મિક કાર્યોમાં ધન વપરાય.
મકર: કાર્યબોજમાં વધારો થાય. માનસિક થાક અનુભવાય.
કુંભ: માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો થાય.
મીન: અણધાર્યો પ્રવાસ. નવિન કાર્યની તક મળે.

# ભાણવડના શેઢાખાઈ ગામે પ્રેમ લગ્ન કરનારા યુવાનની કરપીણ હત્યા : છ શખ્સો સામે ગુનો નોંધાયો

## દોઢ વર્ષ બાદ પત્ની, પુત્રી સાથે આવેલા યુવાનને પત્નીના પરિવારજનોએ પતાવી દીધો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ભાણવડ તાલુકાના શેઢાખાઈ ગામે રહેતા એક બાવાજી યુવાને આજથી આશરે દોઢ વર્ષ પહેલાં આ જ ગામની એક મુસ્લિમ યુવતી સાથે લગ્ન કરી લીધા બાદ બહારગામ રહેતા ઉપરોક્ત દંપતિ તેમજ તેમની માસુમ પુત્રી સાથે તેઓ શેઢાખાઈ ગામે પરત આવતા અહીં યુવતીના ભાઈઓ તથા કાકાએ મળીને શનિવારે સાંજે આ યુવાન ઉપર જીવલેણ હુમલો કરી, તેની હત્યા નિપજાવ્યાનો ચકચારી બનાવ પ્રકાશમાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચકચારી બની ગયેલા આ પ્રકરણની વિગત એવી છે કે ભાણવડથી આશરે ૧૫ કિલોમીટર દૂર આવેલા શેઢાખાઈ ગામે રહેતા યાજ્ઞિક લક્ષ્મીદાસ દુધરેજીયા નામના ૨૪ વર્ષના બાવાજી યુવાનને આ જ ગામના રહીશ ઈશા અબુભાઈ દેથાની પુત્રી રમઝા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. તેમના લગ્ન રમઝાના પિતા ઈશાભાઈને સ્વીકાર્ય ન હતા અને રમઝાની સગાઈ જ્યાં તેણીની મરજી વિરુદ્ધ થઈ હતી, ત્યાં જ તેણીના નીકાહ થાય તેમ તેણીના પિતા ઈશાભાઈ દેથા ઈચ્છતા હતા. રમઝાના પરિવારજનોને પણ આ લગ્ન પસંદ ન હતા. પરંતુ રમઝા પણ યાજ્ઞિકના પ્રેમમાં હોય બંને વર્ષ ૨૦૨૩ ના સમયગાળા દરમિયાન ઘરેથી ભાગી ગયા હતા. જે અંગેની ગુમ નોંધ રમઝાના પિતા ઈશાભાઈ અબુભાઈ દેથાએ તારીખ ૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સ્થાનિક પોલીસમાં કરાવી હતી. દોઢેક વર્ષથી શેઢાખાઈ ગામેથી નાસી ગયા બાદ યાજ્ઞિક તેમજ તેના પત્ની રમઝા ઉર્ફે હેતલ બહારગામ રહેતા હતા. અને તેઓને ગત તારીખ ૨૪ જૂન ૨૦૨૪ ના રોજ પુત્રીનો જન્મ થયો હતો. ત્યાર બાદ બંને પોતાના ઘરે અહીં રહેવા આવ્યા હતા. જે રમઝા ઉર્ફે હેતલના પરિવારજનોને પસંદ ન હતું. આ વચ્ચે શનિવારે બપોરે યાજ્ઞિક જમીને ત્રણેક વાગ્યાના સમય પોતાના ઘરેથી નીકળ્યો હતો અને તેના મિત્ર હરદીપસિંહ વજુભા સાથે ગામના બસ સ્ટેશન પાસે માવો ખાવા ગયો હતો. બસ સ્ટેશન પાસે રમઝા ઉર્ફે હેતલનો ભાઈ સાજીદ ઈશા દેથા અને એક સગીર ઉપરાંત તેણીના કાકા સલીમ હુસેન, આમદ મુસા, જુમા મુસા, ઓસમાણ મુસા ઉર્ફે ભકો અને હોથી કાસમ નામના કુલ સાત પરિવારજનો લોખંડના પાઈપ, કુહાડી અને છરી જેવા ઘાતક હથિયારો લઈને ધસી આવ્યા હતા. મારી નાખવાના ઈરાદાથી બસ સ્ટેશન પાસે આવીને ઉપરોક્ત શખ્સોએ યાજ્ઞિક ઉપર હુમલા કરતા તેના મિત્ર હરદીપસિંહ "રહેવા દયો, રહેવા દયો"- કહી અટકાવ્યા હતા. પરંતુ ત્યાર બાદ પરિસ્થિતિ પારખીને તે અહીંથી ચાલ્યો ગયો હતો. આરોપી આદમે યાજ્ઞિકના પગમાં કુહાડાના ઘા મારી, અન્ય આરોપીઓ પણ હથિયારો વડે તૂટી પડ્યા હતા અને આડેધડ ઘા મારી અને સાજીદ, સલીમ, આમદ તથા જુમો એ "શું કામ ના પાડી તો પણ અમારી દીકરી સાથે લગ્ન કર્યા? આજે તો તને અહીંથી જીવતો જવા દેવો નથી, પતાવી દેવો છે"- કેમ કહી બેફામ માર મારી, જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ બનતા યાજ્ઞિકના માતા નિર્મળાબેન તથા તેમના પત્ની રમઝા ઉર્ફે હેતલ અહીં પહોંચી ગયા હતા અને હેતલે ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા એમ્બ્યુલન્સ પણ તાકીદે અહીં પહોંચી ગઈ હતી. યાજ્ઞિકને ઈજાઓ પહોંચાડી, આરોપીઓ નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત એવા યાજ્ઞિકે ઉપરોક્ત બનાવ અંગે તેના માતા તેમજ પત્નીને વિગતવાર વાત કરી હોવાનું પણ વધુમાં જાણવા મળ્યું છે. લોહી લુહાણ હાલતમાં યાજ્ઞિકને ખંભાળિયાની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેની હાલત નાજુક હોવાથી વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ માર્ગમાં ખૂબ જ કણસતી હાલતમાં સિક્કા ગામ નજીક પહોંચતા જ યાજ્ઞિક બેભાન થઈ ગયા બાદ શનિવારે સાંજે આશરે ૭:૩૦ વાગે જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચતા ત્યાં ફરજ પરના તબીબોએ યાજ્ઞિકને મૃત્યુ પામેલ જાહેર કર્યો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે મૃતકના માતા નિર્મળાબેન લક્ષ્મીદાસ દુધરેજીયા (ઉ.વ. ૫૩) ની ફરિયાદ પરથી ભાણવડ પોલીસે સાજીદ ઈશા દેથા (ઉ.વ. ૨૬), સલીમ હુસેન દેથા (ઉ.વ. ૩૨), જુમા મુસા દેથા (ઉ.વ. ૪૦), આદમ મુસા ઉર્ફે આદુ (ઉ.વ. ૪૨),ઓસમાણ મુસા ઉર્ફે ભકો દેથા (ઉ.વ. ૪૨), હોથી કાસમ ઉર્ફે ડાડો દેથા (ઉ.વ. ૨૭) અને એક સગીર સહિત સાત શખ્સો સામે ભાણવડ પોલીસે હત્યા સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, ગણતરીના કલાકોમાં છ શખ્સોની અટકાયત કરી, ધોરણસર કાર્યવાહી કરી હતી. ઝડપાયેલા આરોપીઓને આજે સોમવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. યુવાનની હત્યાનો આ બનાવ બનતા અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ તેમજ પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી. નાના એવા શેઢાખાઈ ગામે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ પ્રકરણમાં સંડોવાયેલા છ આરોપીઓની પણ પોલીસે અટકાયત કરી લીધી હતી. ત્યારે ઘાતકી હત્યાના આ સમગ્ર બનાવે નાના એવા શેઢાખાઈ ગામમાં ભારે ચકચાર પ્રસરાવી છે. આ સમગ્ર કાર્યવાહી સી.પી.આઈ. યુ.કે. મકવા, એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલ, એસ.ઓ.જી.ના પી.આઈ. પી.સી. સિંગરખીયા, ભાણવડના પી.એસ.આઈ. કે.કે મારુ, એન.એન. વાળા તેમજ એલ.સી.બી. અને એસ.ઓ.જી. સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદને અનુલક્ષીને કૃષિ મંત્રીએ નુકસાન અંગે અધિકારીઓ - પદાધિકારીઓ સાથે બેઠક યોજી

## ભાટિયા, રાવલની ખાસ મુલાકાત લેતા સાંસદ તથા કૃષિ મંત્રી






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દ્વારકા સર્કિટ હાઉસ ખાતે અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સાથે રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે જિલ્લામાં ભારે વરસાદથી થયેલા નુકસાનની માહિતી મેળવી હતી અને તંત્ર દ્વારા કરવામાં આવેલા રાહત બચાવ અને પુનઃ સ્થાપનની કામગીરી, પાણી નિકાલ બાદ સાફ સફાઈ અને દવા છંટકાવ, ચાંદીપુરા વાઈરસ અંગેની પરિસ્થિતિની વિગતોથી અવગત થઈને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં પાક નુકસાન સરવેની ચાલી રહેલી કામગીરીની સમિક્ષા કરી હતી. સરવેની કામગીરી માટે વધારાની ટીમો ફાળવી સત્વરે સર્વે પૂર્ણ કરવા તાકિદ કરી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચાલુ વરસાદે કરવામાં આવેલ રાહત બચાવની કામગીરીની સરાહના કરી હતી. વધુમાં વૃક્ષારોપણ અભિયાનને વધુ સઘન બનાવવા માટે સૂચના આપી હતી. આ બેઠકમાં ધારાસભ્ય પબુભા માણેક, કલેકટર જી.ટી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, સાથે સ્થાનિક આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટિયા તેમજ રાવલ ગામે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય પબુભા માણેક, સાંસદ પૂનમબેન માડમ સાથે જિલ્લાના અધિકારીઓએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન સમાજ વાડી ખાતે સ્થાનિક પદાધિકારીઓ, ગામના અગ્રણીઓ અને ગ્રામજનો સાથે બેઠક દ્વારા ભારે વરસાદની પરિસ્થિતિને લીધે ખેતીમાં થયેલા નુકસાન વિશે માહિતી મેળવી હતી. ઉપરાંત, સ્થાનિક પ્રશ્નો વિશે ગ્રામજનોની રજૂઆત સાંભળીને ચર્ચા કરી હતી. સાથે આ ભારે વરસાદથી ખેતીમાં થયેલા નુકસાન તેમજ સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

# ખંભાળિયા નજીક બોલેરોમાં ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવાતા સાત પશુઓ અંગે ચાલક સામે ગુનો





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા નજીકના એક ગ્રામ્ય વિસ્તારમાંથી બોલેરો પીકઅપ વાહનમાં ખીચોખીચ ભરીને લઈ જવાતા સાત પાડા (પશુ) અંગે અહીંના પશુ સેવા સંસ્થાના કાર્યકરોએ જાગૃતિ દાખવી અને મોડી રાત્રિના સમયે પસાર થતાં આ વાહન ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે અહીંની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના સક્રિય કાર્યકર અને ગૌભક્ત દેશુરભાઈ ગગુભાઈ ધમા (ઉ.વ. ૩૦) એ નોંધાવેલી ફરિયાદમાં જાહેર કરવામાં આવ્યું છે કે શનિવારે રાત્રિના (તા. ૪ ના) આશરે ૨:૧૫ વાગ્યાના સમયે એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાના કાર્યકરો દેશુરભાઈ, અજયભાઈ, વિશેષભાઈ, દિલીપભાઈ, હિરેનભાઈ, વિગેરે સંસ્થાની એમ્બ્યુલન્સ લઈ અને ગંગા જમના હોટલ પાસે પશુની સેવા કરવા નીકળ્યા હતા. ત્યારે આ માર્ગ પરથી પસાર થતા જી.જે. ૩૭ ટી. ૯૯૮૨ નંબરના બોલેરો પીકઅપ વાહનના ચાલકને ગુંદમોરા વાડી વિસ્તાર પાસે ઉભી રખાવી અને તેમાં ચેક કરતા આ બોલેરોમાં ખીચોખીચ ભરીને પશુઓ લઈ જવાતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ વાહનના ચાલક એવા ભાણવડ તાલુકાના ઢેબર ગામે રહેતા કાસમ હુસેન હિંગોરા નામના ૪૪ વર્ષના ગામેતી યુવાને પોતાના બોલેરોમાં પાંચ પાડા તથા બે પાડી કે જે આશરે બે થી ત્રણ વર્ષની ઉંમરના હોય, આ તમામ સાત પશુઓને દોરડાઓ વડે ક્રૂરતાપૂર્વક બાંધીને ઘાસચારા તથા પાણીની વ્યવસ્થા ન રાખી અને વાહનમાં લઈ જવાતા હોવાનો જાહેર થયું છે. વધુમાં જણાવ્યા મુજબ વાહન ચાલક કાસમ હુસેન અલગ અલગ ખેડૂતો પાસેથી પશુઓ લઈને પશુઓની લે-વેચ કરતો હોવાનું જાહેર થયું છે. મોડી રાત્રે વાહન તથા ચાલક અને પશુઓનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી કરી હતી.

# ચાઈલ્ડ વેલફર કમિટી દ્વારા બાળકોને વસ્તુઓનું વિતરણ



(નિરવ ગઢીયા દ્વારા)

ઊના તા.૬

રાજ્ય સરકાર ના સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા સંચાલિત સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગીર સોમનાથમાં ચાઈલ્ડ વેલફેર કમિટીના ચેરમેન અને સભ્યો દ્વારા બાળકો ને જરૂરી ચીજ વસ્તુઓ આપવામાં આવી, તેમાં ચેરમેન જયેશભાઈ પંડયાના માર્ગદર્શન નીચે તમામ બાળકોને સભ્ય હિતેશભાઈ દુધાત દ્વારા બુટ ચપ્પલ અને મોજા આપવામાં આવીયા અને અન્ય સભ્યો હરિભાઈ વાળા, રસિકભાઈ ચાવડા અને અમૃતાબેન અખિયાં દ્વારા રેઈન કોટ વિતરણ કરવામાં આવ્યા હતા. અહી રક્ષણ અને સંભાવ્‌ની જરૂરિયાત વાળા બાળકો ને રાખવામાં આવે છે અને સરકાર દ્વારા તમામ સુવિધાઓ આપવામાં આવે છે. ત્યારે કમિટીએ આવા બાળકોને જરૂરી વસ્તુઓ આપવામાં આવી હતી. આ તકે સ્ટાફ માં જયેશ વાણવી અને અનિલા બેન આમહેડા તથા સ્ટાફ હજાર રહ્યો હતો. કોઈ વ્યકિત સંસ્થા એ બાળકો માટે કોઈ વસ્તુ કે દાન આપવી હોય તો સંસ્થાનો સંપર્ક કરવો અને આવા બાળકો સાથે ખુશી વેચી સારા પ્રસંગ અને જન્મ દિવસ ઉજવી શકાય તો આ તકે લોકો અને અધિકારીઓ ને પણ આ બાળકો માટે જે સંભાળ અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકો છે. તો આ તકે તમામ ને અપીલ છે.

# ગીરગઢડા : પાતળેશ્વર મહાદેવ મંદિરે ભકતોનો જમાવડો




(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા. ૬

ઊનાના ગીરગઢડા જામવાળા જતા રોડ ઉપર જંગલમા આવેલ બાબરીયા ગીર ગામથી સાત કિલમીટર મધ્ય ગીરમાં પ્રાકૃતિક સૌંદર્ય સમુ અને ઘટાટોપ વનરાઈ વચ્ચે આવેલ સ્વયંભૂ પ્રગટ થયેલ શિવ લિંગ પાતળેશ્વર મહાદેવનું મંદિર મીની કેદારનાથ સમુ છે. વરસમાં માત્ર બે વખત મહાશિવરાત્રીના આઠ દિવસ અને શ્રાવણ માસના ત્રીસ દિવસ ભાવિક ભક્તો માટે વન વિભાગ દ્વારા ખુલ્લું મુકવા મા આવે છે. બાબરીયા ગીર વન વિભાગની ચેક પોસ્ટ ઉપરથી વન વિભાગ દ્વારા તા.૫/૮ થી તા.૨/૦૯/૨૪સુધી સવારે સાતથી સાંજના પાંચ સુધી વિના મૂલ્યે પ્રવેશ પરમીટ આપવા મા આવેછે. આ શિવ મંદિર એ સમગ્ર ગુજરાત મહારાષ્ટ્રભરમાંથી ભાવિકો શ્રાવણ માસમાં પધારી પાતળેશ્વર મહાદેવની પૂજા અર્ચના કરે છે. યાત્રાએ આવતા ભાવિકો માટે બાબરીયા ગીર ગામમાં આવેલ ઉદાસીન આશ્રમે મહંત શ્રી ધરમદાસ ગુરૂ નિર્વાણ દાસ બાપુ અને સેવકો દ્વારા વિના મૂલ્યે ચા, દૂધ અને મહાપ્રસાદ ની વ્યસ્થા કરવામાં આવી છે. તો તમામ ભાવિક ભક્તોરને લાભ લેવા જણાવેલ છે.

# ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં રકતનો સ્ટોક તળિયા ઝાટક હોય, આ અંગેની જાણ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયને થતા તેમની સૂચના મુજબ અહીંના ડી.વાય.એસ.પી. ડો. હાર્દિક પ્રજાપતિ તથા પી.આઈ. બી.જે. સરવૈયાની ટીમ દ્વારા શનિવારે ખંભાળિયા નગરપાલિકા યોગ કેન્દ્ર ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જૂના અને નવા ફોજદારી કાયદાઓ વચ્ચે મૂંઝવણમાં રહેલા વકીલો 'ટ્વાઈલાઈટ કેસો' મુદ્દે શા માટે વિરોધ કરી રહ્યા છે



(એજન્સી) તા.૬

૧ જુલાઈના રોજ ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા, તે દિવસે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે પત્રકારોને જણાવ્યું હતું કે, નવા કાયદાના દરેક પાસાઓ ઉપર ચાર વર્ષથી વિવિધ હિતધારકો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. હકીકત એ છે કે, સરકારે આ કથિત ચર્ચાઓની કોઈપણ વિગતો શેર કરવાનો ઈન્કાર કર્યો છે તે ઉપરાંત કાનૂની શાસનમાં પરિવર્તન માટે પર્યાપ્ત રીતે વિચારવામાં આવ્યું ન હતું.

શાહને એ સ્પષ્ટતા કરવા માટે કહેવામાં આવ્યું હતું કે, શું ૧ જુલાઈ પહેલાં નોંધાયેલા પેન્ડિંગ કેસો જૂના કાયદા હેઠળ ચલાવવામાં આવશે કે નવા કાયદા હેઠળ ? ગૃહમંત્રીએ કહ્યું કે, જો ગુનાની તા.૧ જુલાઈ પહેલાની છે, તો તેના ઉપર જૂના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે, જો તે પછીનો છે, તો તેના ઉપર નવા કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે. શાહની આ સ્પષ્ટતા હોવા છતાં જૂના કેસો અંગે મૂંઝવણ છે. છેલ્લા ત્રણ અઠવાડિયામાં સરકારો અને ઉચ્ચ અદાલતોએ આ કેસો વિશે ઘણી સલાહ આપી છે, જે એકબીજા સાથે વિરોધાભાસી છે. તેમાં પરિણામે કોર્ટમાં અંધાધૂંધી છે, વકીલોએ દેશભરમાં વિરોધ પ્રદર્શનો કર્યા છે અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તેમને નવા કાયદા સામે આંદોલન કરવાથી દૂર રહેવાની અપીલ કરવી પડી છે. જુલાઈ ૧ એ ગયા વર્ષે ડિસેમ્બરમાં અધિસૂચિત કરાયેલા ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવ્યા હતા. ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ છેલ્લા ૧૬૪ વર્ષથી ભારતનો વ્યાપક ફોજદારી સંહિતા જે તમામ ફોજદારી ગુનાઓની ગણતરી કરે છે અને તેમની સજાઓ નિર્ધારિત કરે છે તેને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ દ્વારા બદલવામાં આવ્યા હતા. ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ - ભારતીય અદાલતોમાં પુરાવાની સ્વીકાર્યતાને નિયંત્રિત કરતો કાયદો છે અને તેને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ સાથે બદલવામાં આવ્યો. ફોજદારી કાર્યવાહીની સંહિતા ૧૯૭૩ - જે પોલીસ તપાસ અને ટ્રાયલ ચલાવવા માટેનું માળખું પૂરૂં પાડતો પ્રક્રિયાગત કાયદો છે - તે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ સાથે બદલવામાં આવ્યો છે.

આ કાયદાના અમલમાં આવ્યાના એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમય પહેલાં દિલ્હી પોલીસ અને તેલંગાણા પોલીસે આ બાબતની સ્પષ્ટતા કરવા માટે પરિપત્રો જારી કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, જૂના ફોજદારી કાયદાઓ એવા ગુનાઓ ઉપર લાગુ થશે જે ૧ જુલાઈ પહેલાં થયા હતા અને નોંધાયેલા હતા, જ્યારે ૧ જુલાઈના રોજ અથવા તે પછી નોંધાયેલા ગુનાઓ નવા કાયદા હેઠળ આવશે. જો ગુનો ૧ જુલાઈ પહેલાં થયો હતો પરંતુ ૧ જુલાઈના રોજ અથવા તે પછી નોંધાયેલ હતો, જૂનો મૂળ ફોજદારી કાયદો-ભારતીય દંડ સંહિતા અને નવો પ્રક્રિયાગત ફોજદારી કાયદો - ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - સામૂહિક રીતે લાગુ થશે. આનો અર્થ એ છે કે, આરોપીઓ સામેના ગુનાઓ IPCમાંથી લેવામાં આવશે, પરંતુ કેસની તપાસ કરવામાં આવશે અને નવા કાયદામાં નિર્ધારિત ફોજદારી પ્રક્રિયાનો ઉપયોગ કરીને કાર્યવાહી કરવામાં આવશે.

ટૂંક સમયમાં વધુ પ્રશ્નો ઊભા થયા હતા. દરેક કેસ ફોજદારી ન્યાય પ્રક્રિયાના વિવિધ તબક્કામાંથી પસાર થાય છે તપાસ, ટ્રાયલ અને અપીલ. ૧ જુલાઈ પહેલા નોંધાયેલા કેસો અલગ-અલગ તબક્કે હતા. ટૂંક સમયમાં ભારતભરની ઉચ્ચ અદાલતોને કયો કાયદો તેમના ઉપર કયા તબક્કે લાગુ થયો તે અંગેના મુશ્કેલ પ્રશ્નોનો સામનો કરવો પડ્યો છે. હાઈકોર્ટે આ સવાલોના જવાબ અલગ અલગ આપ્યા હતા.

૯ જુલાઈના રોજ રાજસ્થાન હાઈકોર્ટના જસ્ટિસ અરૂણ મોંગાએ ચુકાદો આપ્યો હતો કે, જો કોઈ ગુના માટેનો પ્રથમ માહિતી અહેવાલ ૧ જુલાઈ પહેલાં દાખલ કરવામાં આવ્યો હોય તો પછીની કાર્યવાહી એટલે કે, તપાસ અને ટ્રાયલ જૂની ફોજદારી પ્રક્રિયાને અનુસરવી પડશે. બે દિવસ બાદ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના જસ્ટિસ સુમીત ગોયલે ચુકાદો આપ્યો કે, જો પ્રથમ માહિતી અહેવાલ ૧ જુલાઈ પહેલાં દાખલ કરવામાં આવ્યો હોય પરંતુ તેને લગતી કોઈપણ કોર્ટ અરજી અથવા અરજી ૧ જુલાઈના રોજ અથવા તે પછી દાખલ કરવામાં આવી હોય, તો નવી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ ફાઈલિંગ કરવાની રહેશે. ૧ જુલાઈથી જૂના ક્રિમિનલ પ્રોસિજર કોડ હેઠળ શરૂ કરવામાં આવેલી કોઈપણ અદાલતી કાર્યવાહી અમાન્ય ગણાશે. તે જ દિવસે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે એક પરિપત્ર બહાર પાડ્યો હતો જેમાં જણાવ્યું હતું કે, હાઈકોર્ટમાં નવા કે જૂના બંને પ્રકારના ફોજદારી કાયદાઓ હેઠળ નવા કેસ દાખલ કરી શકાય છે અને કોર્ટ રજિસ્ટ્રી તેની સામે વાંધો ઊઠાવી શકે નહીં. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આ બંને નિર્ણયો એકબીજા સાથે અસંગત છે. દિલ્હી હાઈકોર્ટમાં જસ્ટિસ એ.જે. ભંભાણીએ પણ સમાન પ્રશ્નો ઉપર આદેશ સંભળાવ્યો હતો. ૧૨ જુલાઈના રોજ તેમણે ચુકાદો આપ્યો હતો કે, જૂના ફોજદારી કાયદાઓ હેઠળ દાખલ કરાયેલ પ્રથમ માહિતી અહેવાલમાં ૧ જુલાઈના રોજ અથવા તે પછી દાખલ કરવામાં આવેલી આગોતરા જામીન અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા દ્વારા દાખલ કરવી પડશે.

ફોજદારી કાયદાના નિષ્ણાતોએ કહ્યું છે કે, આ અસમાન્ય પરિસ્થિતિ છે અને ખરાબ રીતે તૈયાર કરાયેલ કાયદાઓનું પરિણામ છે. ઈન્ડિયાના યુનિવર્સિટી, બ્લૂમિંગ્ટન, યુનાઈટેડ સ્ટેટ્સમાં ફોજદારી ન્યાયના પ્રોફેસર અને બિહાર કેડરના પૂર્વ ભારતીય પોલીસ સેવા અધિકારીએ જણાવ્યું હતું કે, અમે હવે નવા કાયદાઓની લાગુતા અને જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે વ્યક્તિગત ન્યાયાધીશો ઉપર નિર્ભર છીએ. લીગલ પોલિસી થિંક-ટેન્ક વિધીમાં ક્રિમિનલ જસ્ટિસ ટીમના વરિષ્ઠ નિવાસી ફેલો નાવેદ મેહમૂદ અહમદે સ્ક્રોલને કહ્યું, જ્યારે કોઈપણ વસ્તુઓ વિશે વિચાર્યા વિના વ્યાપક કાયદા બનાવવામાં આવે છે ત્યારે આવું થાય છે. તેમણે કહ્યું કે, ઉચ્ચ અદાલતો આવા કેસો ઉપર બહુવિધ અર્થઘટન કરશે. જો કોઈ હાઈકોર્ટના કોઈ ચોક્કસ અર્થઘટન સાથે સહમત ન હોય, તો તેઓ તેની સામે અપીલ કરી શકે છે, આનાથી કાનૂની પ્રણાલી ઉપર વધુ બોજ પડશે, જેના કારણે મુકદ્દમામાં વધારો થશે.

# ફાયર સેફ્ટીને લઈ સ્કૂલોમાં તપાસ કરવા માટે આદેશ અપાયો

અમદાવાદ,તા.૬

રાજ્યની સ્કૂલોમાં ફાયર એનઓસીને લઈને તપાસ કરવામાં આવ્યા બાદ હવે ફરીવાર ફાયર સેફ્ટીને લઈને તપાસ કરવામાં આવશે. ૩૧ જુલાઈની સ્થિતીએ ફાયર સેફ્ટીની સ્થિતી દર્શાવતી વિગતો તૈયાર કરવા માટે કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સુચના આપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટમાં ગેમ ઝોનમાં થયેલી હોનારત બાદ સમગ્ર રાજ્યમાં ફાયર સેફ્ટીને લઈને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં રાજ્યમાં આવેલી સ્કૂલો અને પ્રિ-સ્કૂલોમા પણ તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં ફાયર સેફ્ટીને લઈને અનેક સ્કુલો સીલ પણ કરવામાં આવી હતી. આમ, રાજ્યમાં તમામ સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈને ચકાસણી કરવામાં આવ્યા બાદ હવે ફરી એકવાર કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા સ્કૂલોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરવા માટે આદેશ કર્યો હોવાનું જાણવા મળે છે. કમિશનર ઓફ સ્કૂલની કચેરીએ રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર કર્યો છે. જેમાં જણાવાયું છે કે, સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરી માહિતી મોકલી આપવા શિક્ષણ વિભાગ દ્વારા અગાઉ આદેશ આપવામાં આવ્યો હતો. તપાસ બાદ શાળાઓની વિગતો અનુસારની શાળાના નામ સહિતની વિગતવાર યાદી DEO કચેરી દ્વારા તૈયાર કરીને મોકલવાની રહેશે તેમ પણ જણાવાયું છે. જે સ્કૂલોએ ફાયર એનઓસી માટે અરજી કરી હોય તેવી સ્કૂલોની વિગતો અલગથી દર્શાવવાની રહેશે. જ્યારે જે સ્કૂલોએ હજુ સુધી ફાયર વિભાગ પાસેથી એનઓસી લેવા માટે અરજી કરી ન હોય તે સ્કૂલોની વિગતો અલગથી દર્શાવવા માટે તાકીદ કરાઈ છે.

# ભારતને અમેરિકાની માથાદીઠ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં ૭૫ વર્ષ લાગી શકે છે : વર્લ્ડ બેંક

(એજન્સી) તા.૬

વિશ્વ બેંકના અહેવાલમાં જણાવાયું છે કે, ભારત સહિત ૧૦૦થી વધુ દેશો આગામી કેટલાક દાયકાઓમાં ઉચ્ચ આવક ધરાવતા દેશો બનવા માટે ગંભીર અવરોધોનો સામનો કરી રહ્યા છે અને નવી દિલ્હીને માથાદીઠ યુએસ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં લગભગ ૭૫ વર્ષ લાગી શકે છે. વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૨૪: ધ મિડલ ઈન્કમ ટ્રેપ મુજબ, માથાદીઠ યુએસ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં ઈન્ડોનેશિયાને લગભગ ૭૦ વર્ષ અને ચીનને ૧૦ વર્ષથી વધુ સમય લાગશે. પાછલા ૫૦ વર્ષોના અહેવાલમાં જાણવા મળ્યું છે કે જેમ જેમ દેશો સમૃદ્ધ થાય છે, તેઓ સામાન્ય રીતે વ્યક્તિ દીઠ વાર્ષિક યુએસ જીડીપીના લગભગ ૧૦ ટકાના દરે રોકાય જાય છે, જે આજે USD 8,000ની સમકક્ષ છે. તે વિશ્વ બેંક દ્વારા મધ્યમ આવક ધરાવતા દેશો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી શ્રેણીની મધ્યમાં છે. ૨૦૨૩ના અંતમાં ૧૦૮ દેશોને મધ્યમ આવક તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા, દરેકની માથાદીઠ વાર્ષિક જીડીપી USD 1,136થી USD 13,845ની રેન્જમાં હતી. આ દેશોમાં છ અબજ લોકો રહે છે જે વૈશ્વિક વસ્તીના ૭૫ ટકા છે અને દર ત્રણમાંથી બે લોકો અત્યંત ગરીબીમાં જીવે છે. આગામી સમયમાં ભૂતકાળ કરતાં પણ વધુ કઠોર પડકારો છે. ઝડપી વૃદ્ધાવસ્થા અને દેવું, ભયંકર ભૌગોલિક રાજકીય અને વેપાર ઘર્ષણ અને પર્યાવરણને બગાડ્યા વિના આર્થિક પ્રગતિને ઝડપી બનાવવાની વધતી જતી મુશ્કેલી છે. ઘણા મધ્યમ આવકવાળા દેશો હજુ પણ મુખ્યત્વે રોકાણને વિસ્તૃત કરવા માટે બનાવવામાં આવેલી નીતિઓ ઉપર આધાર રાખે છે. તે માત્ર પ્રથમ ગિયરમાં કાર ચલાવવા અને તેને ઝડપી બનાવવાનો પ્રયાસ કરવા જેવું છે. જો તેઓ જૂની યોજનાઓને વળગી રહેશે, તો મોટાભાગના વિકાસશીલ દેશો આ સદીના મધ્ય સુધીમાં વ્યાજબી રીતે સમૃદ્ધ સમાજ બનાવવાની રેસ ગુમાવશે. વર્લ્ડ બેંક ગ્રુપના ચીફ ઈકોનોમિસ્ટ અને ડેવલપમેન્ટ ઈકોનોમિક્સના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ઈન્દરમીટ ગીલે જણાવ્યું હતું કે, હાલના વલણો પર, માથાદીઠ યુએસ આવકના એક ચતુર્થાંશ સુધી પહોંચવામાં ચીનને ૧૦ વર્ષથી વધુ સમય લાગશે, ઈન્ડોનેશિયા લગભગ ૭૦ વર્ષ અને ભારતને ૭૫ વર્ષ લાગશે.

# મધ્યપૂર્વમાં ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધની અણીએ અમેરિકાએ સૈન્ય વધાર્યું, વાંચો મહત્વના ૧૦ મુદ્દા

(એજન્સી) તા.૬



૧.હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ ઈરાન દ્વારા ઈઝરાયેલ ઉપર હુમલાનો ભય વધી ગયો છે. જેના કારણે વિશ્વમાં વધુ એક મોટા પાયે યુદ્ધ ફાટી શકે છે.

૨.અમેરિકાએ પહેલેથી જ કહ્યું છે કે ઈરાન હાનિયાના મોતનો બદલો લેવા ઈઝરાયેલ ઉપર હુમલો કરી શકે છે. આ સ્થિતિ વચ્ચે અમેરિકાએ ઈઝરાયેલની સુરક્ષા માટે મધ્યપૂર્વમાં ફાઈટર પ્લેન અને યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા છે.

૩.તેહરાનમાં હમાસ નેતા અને બેરૂતમાં હિઝબુલ્લાહના કમાન્ડરની હત્યા બાદ ઈરાન અને તેના સાથીઓ દ્વારા બદલો લેવાની ધમકી બાદ અમેરિકા હરકતમાં આવી ગયું છે.

૪.અમેરિકાએ નિવેદન આપ્યું છે કે, અમેરિકન રક્ષા વિભાગ મધ્યપૂર્વમાં ફાઈટર જેટ સ્કવોડ્રનને તહેનાત કરશે. તે આ વિસ્તારમાં એરક્રાફ્ટ કેરિયરની જાળવણી કરશે. પેન્ટાગોને કહ્યું કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેને ઈરાનના હુમલાથી ઈઝરાયેલને બચાવવાની તૈયારીના ભાગરૂપે આ પગલાં લીધા છે.

૫.આ નિર્ણય અમેરિકન સૈનિકોની સુરક્ષાને સુનિશ્ચિત કરવા અને અમેરિકન સૈન્યની હાજરીને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો છે. પેન્ટાગોને ઈરાન સામે પ્રતિરક્ષા તરીકે આવતા વર્ષ સુધી આ ક્ષેત્રમાં એક એરક્રાફ્ટ કેરિયર તહેનાત રાખવાનો નિર્ણય લીધો છે. જો કે, ફાઈટર જેટ સ્કવોડ્રન ક્યાંથી આવશે અને તેને મધ્યપૂર્વમાં ક્યાં તહેનાત કરવામાં આવશે તે જાણી શકાયું નથી.

૬.રક્ષા સચિવ લોયડ ઓસ્ટીને યુરોપ અને મધ્યપૂર્વમાં એક્સ્ટ્રા બેલેસ્ટિક મિસાઈલ તહેનાત કરવાના આદેશ આપ્યા છે. તેની સાથે જમીનથી હુમલો કરી શકે તેવા હથિયારો મોકલવાની પણ તૈયારી શરૂ કરી દેવાઈ છે.

૭. જો બાઈડેનની ઈઝરાયલેના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સાથેની વાતચીતમાં અમેરિકન બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી સંભવિત હુમલાઓ સામે રક્ષણ આપવા માટે અમેરિકાના સૈન્યની તહેનાતીની ચર્ચા કરી હતી.

૮.મધ્યપૂર્વ અને પૂર્વર ભૂમધ્ય સમુદ્રમાં અમેરિકાના યુદ્ધ જહાજોની તહેનાત હોય છે. તેમાં બે નેવી ડિસ્ટ્રોયર, યુએસએસ રૂઝવેલ્ટ અને યુએસએસ બુલ્કેલી તેમજ યુએસએસ વાપ્સ અને યુએસએસ ન્યુયોર્કનો સમાવેશ થાય છે. મધ્યપૂર્વમાં અમેરિકા કયા નવા જહાજો જશે તે હજુ સ્પષ્ટ નથી.

૯.અગાઉ એપ્રિલ મહિનામાં અમેરિકાની સેનાએ ઈરાન દ્વારા ઈઝરાયેલ ઉપર મિસાઈલ અને ડ્રોનથી કરેલા હુમલાને નિષ્ફળ કરી દીધો હતો.

૧૦.ઈઝરાયેલ દ્વારા દક્ષિણ બેરૂતના ભીડભાડવાળા રહેણાંક વિસ્તારમાં હુમલો કરવામાં આવ્યા બાદથી ગણતરી બદલાઈ ગઈ છે, એમ સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના મિશને જણાવ્યું હતું. 'અમે અપેક્ષા રાખીએ છીએ. હિઝબુલ્લાહ વધુ લક્ષ્યો પસંદ કરશે અને તેના પ્રતિભાવમાં વધુ ઊંડાણપૂર્વક પ્રહાર કરશે,' સત્તાવાર IRNA સમાચાર એજન્સી દ્વારા ટાંકવામાં આવેલા મિશનમાં જણાવ્યું હતું.

# પ્રાથમિક સ્કૂલોમાં ૧૭ ઓક્ટોબરે પ્રથમ સત્રાંત; ૭ એપ્રિલ દ્વિતીય સત્રાંત કસોટી લેવાશે

## શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૩થી ૮ની સામયિક મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો

અમદાવાદ,તા.૬

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન લેવાનારી સામયિક મુલ્યાંકન અને સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જે મુજબ રાજ્યમાં પ્રાથમિક સ્કૂલોમાં પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી લેવાશે. જ્યારે બીજી સત્રાંત પરીક્ષા એટલે કે વાર્ષિક પરીક્ષા ૭ એપ્રિલથી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ધોરણ-૩થી ૮માં સામયિક મુલ્યાંકન તથા સત્રાંત પરીક્ષાનું આયોજન કરવાને લઈને શિક્ષણ વિભાગ દ્વારા આયોજન નક્કી કરાયું છે. GCERT દ્વારા નક્કી કરવામાં આવેલા મુલ્યાંકનનો અમલ રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં કરવાનો રહેશે. પ્રથમ અને દ્વિતીય સત્ર સામયિક મૂલ્યાંકનનું નિયત થયેલા સમયપત્રક મુજબ કરવાનો રહેશે. સત્રાંત પરીક્ષાઓ અંગેના સમયપત્રક હવે પછી જાહેર કરવામાં આવશે. જેમાં પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી લેવાશે. જ્યારે દ્વીતીય સત્રાંત કસોટી ૭ એપ્રિલથી લેવામાં આવશે. સામયિક મૂલ્યાંકન માટે શાળાઓને સમગ્ર શિક્ષા કચેરી મારફત ધોરણવાર પ્રશ્નબેંક ઓનલાઈન એટેન્ડન્સ પોર્ટલ ઉપર દરેક શાળાને ઈ-મેઈલ આઈડી ઉપર સમયપત્રક મુજબ નિયત તારીખે ઉપલબ્ધ કરાવવામાં આવશે. શાળા શરૂ થવાના સમયના એક કલાક પહેલા પ્રશ્ન બેંક ડાઉનલોડ કરી શકાશે. શિક્ષકોને પ્રશ્ન બેંકમાંથી કસોટીપત્ર બનાવવામાં સરળતા રહે તે માટે શાળાઓને PDFની સાથે Word કોપી પણ મોકલી આપવામાં આવશે. સામયિક મૂલ્યાંકન અંતર્ગત સમયપત્રક મુજબ મૂલ્યાંકનનો સમય શનિવાર સવારે ૮થી ૯ કલાક દરમ્યાન રાખવાનો રહેશે. પ્રથમ સત્રાંત પરીક્ષા માટે જૂનથી ઓક્ટોબર સુધીનો અભ્યાસક્રમ ધ્યાનમાં લેવામાં આવશે. દ્વિતીય સત્રાંત પરીક્ષા માટે નવેમ્બરથી માર્ચ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. આ અંગેની માસવાર અભ્યાસક્રમ ફાળવણી જીસીઈઆરટીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવેલી છે. ચાલુ વર્ષ પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ધોરણ-૩ અને ધોરણ-૪માં અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવશે. તેનું મૂલ્યાંકન માળખુ અન્ય વિષયની જેમ વાર્ષિક ૨૦૦ ગુણનું રહેશે.

# ગુજરાત કોંગ્રેસ ૯ ઓગસ્ટે ન્યાયયાત્રા શરૂ કરશે; રાહુલ, ખડગે જોડાશે

નવી દિલ્હી, તા. ૬

વિવિધ માનવસર્જિત દુર્ઘટનાઓના પીડિતો માટે ન્યાયની માંગણી સાથે ગુજરાત કોંગ્રેસ ૯ ઓગસ્ટના રોજ ન્યાયયાત્રા શરૂ કરવા માટે તૈયારી કરી છે જે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગહન ઐતિહાસિક મહત્વની તારીખ છે. આ દિવસે ૧૯૪૨માં મહાત્મા ગાંધીએ બ્રિટિશ શાસન સામે સવિનય અસહકારની હાકલ કરી હતી. આ યાત્રા મોરબીમાં શરૂ થશે અને ગાંધીનગરમાં સમાપ્ત થશે જેમાં કોંગ્રેસ સેવાદળના વડા લાલજી દેસાઈની આગેવાની હેઠળ કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી પણ તેમાં જોડાશે. રાહુલ અને પ્રિયંકા ગાંધી અને પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ તેમાં જોડાય તેવી અપેક્ષા છે. દેસાઈએ એક્સ ઉપર કહ્યું કે, ''ભાજપના અત્યાચાર અને ભ્રષ્ટાચારનો અંત લાવવા અને પીડિત લોકોને ન્યાય આપવા માટે ગુજરાતમાં ક્રાંતિ દિવસ ૯ ઓગસ્ટથી 'ગુજરાત ન્યાયયાત્રા' શરૂ થઈ રહી છે!'' દેસાઈએ જણાવ્યું હતું કે આ યાત્રા મોરબીથી શરૂ થશે અને ૧૧ ઓગસ્ટની સાંજ સુધીમાં રાજકોટ પહોંચશે જ્યાં સંવેદના સભા (સહાનુભૂતિ સભા) યોજાશે. તેમણે જણાવ્યું હતું કે, ''આ યાત્રાનું સ્વાગત ઢોલ વગાડીને નહીં પરંતુ સુતરાઉ દોરાઓથી કરવામાં આવશે, જે ગાંધીવાદી માર્ગને મૂર્તિમંત કરશે.'' ગુજરાત કોંગ્રેસના જણાવ્યા મુજબ આ યાત્રા વડોદરામાં હરણી બોટ પલટી અને સુરતમાં તક્ષશિલા આગ તથા રાજકોટમાં ગેમિંગ ઝોનમાં આગની ઘટનાની યાદમાં કઢાશે. કોંગ્રેસના નેતાઓ ચારેય ઘટનાઓથી પીડિત પરિવારોના સંપર્કમાં છે અને તેઓ આ યાત્રામાં જોડાશે એમ ગુજરાત કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું. અંદાજે ૧૦૦ સહભાગીઓ મોરબીથી ગાંધીનગર સુધીના સમગ્ર રૂટ પર ચાલશે. ૨૨ કે ૨૩ ઓગસ્ટ સુધીમાં આ યાત્રા ગાંધીનગરમાં પૂરી થવાની ધારણા છે એમ કોંગ્રેસે જણાવ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય અને ગુજરાત કોંગ્રેસના દલિત ચહેરા જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે પાર્ટીની કેન્દ્રીય આગેવાની પણ આ યાત્રામાં જોડાશે. મેવાણીએ જણાવ્યું કે, ''અમે તમામ નેતાઓને યાત્રામાં જોડાવા આમંત્રણ આપ્યું છે. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, ખડગેજી અને અન્ય લોકો તેમાં જોડાય તેવી અપેક્ષા છે પરંતુ તારીખો હજુ નિશ્ચિત નથી.

# રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીમાં ઘટાડાની શક્યતા

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં હાલમાં રિયલ એસ્ટેટના સોદા ઉપર સારી એવી સ્ટેમ્પ ડ્યૂટી વસુલવામાં આવે છે અને રજિસ્ટ્રેશન ફી પણ ઘણી ઊંચી છે. હવે આ બંનેમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. તાજેતરમાં કેન્દ્રિય બજેટમાં રાજ્ય સરકારોને અનુરોધ કરવામાં આવ્યો હતો કે પ્રોપર્ટીના ટ્રાન્ઝેક્શન ઉપરની સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ફી ઘટાડવામાં આવે. ગુજરાતમાં રેવન્યુ અને ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ પણ હવે સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ફીમાં કેટલો ઘટાડો કરી શકાય તેનો અભ્યાસ કરી રહ્યા છે. તાજેતરમાં ગુજરાતમાં જંત્રીના દર વધ્યા તેના કારણે મકાનોના ભાવમાં ભારે વધારો થયો છે. હવે સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ફીમાં ઘટાડો કરવામાં આવે તો જંત્રીના દરમાં થયેલા વધારાની અસરને અમુક અંશે હળવી કરી શકાશે. એપ્રિલ ૨૦૨૩થી ગુજરાતમાં જંત્રીના નવા દર લાગુ થયા છે જે અગાઉ કરતા ડબલ છે. રાજ્ય સરકાર જંત્રીના દર અને જમીનના ભાવોને સુસંગત કરવાની પ્રક્રિયામાં છે. સૂત્રોએ જણાવ્યા પ્રમાણે ગુજરાત સરકાર લોકો ઉપર નાણાકીય બોજ ઘટાડી શકે છે જેના માટે તેણે રજિસ્ટ્રેશન ફી તથા સ્ટેમ્પ ડ્યૂટીના દર ઘટાડવા પડશે.

# ગુજરાતમાં વર્ષ-૨૦૨૫માં સિંહની વસ્તી ગણતરી કરાશે

અમદાવાદ, તા.૬

દર ૫ વર્ષે રાજ્ય સરકાર દ્વારા સિંહની વસ્તી ગણતરી કરવામાં આવતી હોય છે. ત્યારે વર્ષ ૨૦૨૫માં સિંહની વસ્તી ગણતરી કરવામાં આવશે. છેલ્લા વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦માં સિંહોની સંખ્યા ૬૪૭ નોંધાઈ હતી. આ અંગે પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફિસર નીત્યાનંદ શ્રીવાસ્તવએ જણાવ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૫માં સિંહની વસ્તી ગણતરી કરવામાં આવશે. ગત વર્ષે કોરોના કાળમાં વર્ષ ૨૦૨૦માં સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. કોરોનાકાળના કારણે વધારે લોકો તેમાં ભાગ લઈ શક્યા ન હતા. પરંતુ આગામી વસ્તી ગણતરીમાં દેશભરની એનજીઓ અને વિવિધ વાઈલ્ડલાઈફ ઈન્સ્ટીટ્યુટના અધિકારીઓ સિંહની વસ્તી ગણતરીમાં ભાગ લઈ શકશે. વધુમાં તેઓએ જણાવ્યું કે હાલમાં ભારત સરકાર દ્વારા ત્રણ જગ્યા ઉપર ઝૂ સફારી બનાવવાની પરમિશન આપવામાં આવી છે. જેમાં કોટેશ્વર, કેવડિયા કોલોની અને માંડવીના નલિયામાં ઝૂ સફારી બનાવવાની મંજૂરી સેન્ટ્રલ ઝૂ અર્થોરિટી દ્વારા આપવામાં આવી છે. જે બાબતની કામગીરી સુપ્રીમ કોર્ટમાંથી ઓર્ડર



મળ્યા બાદ કરવામાં આવશે. બીજી તરફ કચ્છમાં ચિત્તા બ્રિડીંગ સેન્ટર બનાવવામાં આવશે. ઉપરાંત કચ્છ ચિત્તાઓ માટે અનુકૂળ જગ્યા હોવાના કારણે વિવિધ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ભારત સરકાર દ્વારા ચીત્તો મોકલવામાં આવ્યા બાદ બ્રિડિંગ શરૂ કરવામાં આવશે.

# જૂનાગઢ શહેરની ઐતિહાસિક હેરીટેજ ઈમારતોનું રીનોવેશન કરી સરકારી કચેરીઓ કાર્યરત કરવા જાગૃત નાગરીકની મુખ્યમંત્રીને રજુઆત

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરમાં સરદારબાગમાં આવેલ બહુમાળી બિલ્ડીંગ નવું બનાવવા અંગે સમાચારો પ્રસીધ્ધ થયેલ છે. જે અતી દુર્ભાગ્યપુર્ણ છે. જેમાં સરકારશ્રીની જમીનો કે જે ભવિષ્યના વિકાસ માટે ઉપયોગમાં આવી શકે તેમ છે તે જમીનો ઉપર બીલ્ડીંવો બનાવવાને બદલે જૂનાગઢ શહેરમાં તેવી અનેક ઈમારતો તેમજ અનેક જગ્યાઓ આવેલી છે કે, જેનો વિકાસ કરવાથી જૂનાગઢનો વિકાસ વધુ વેગવંતો બને છે.

પી.ડબલ્યુ.ડી. તંત્ર કે જેની મથરાવટી પહેલેથી જ મેલી છે. અને તેઓ કલરકામ-રીપેરીંગ બાબતમાં કયારેય જાગૃત રહ્યા નથી. અને થોડો સમય પહેલા બનેલ કલેકટર ઓફીસમાં ઠેક - ઠેક ઠેકાણે પાણી પડવાના બનાવો બની રહેલ છે. તાજેતરમાં કલેકટર ઓફીસમાં મળેલી મીટીંગમાં મીટીંગ હોલની નજીક પાણી બેસુમાર પણે પડતું હતુ તેમજ મીટીંગ હોલમાં જો પોલીસ કર્મીએ સાવચેતી રાખીને ઈલેકટ્રીસીટીની સ્વીચો બંધ ન કરી હોત તો મોટી આગ લાગવાની પણ શકયતાઓ હતી. આ બીલ્ડીંગ ૧૦-૧૨ વર્ષ પહેલા જ બનેલું છે.

પી.ડબલ્યુ.ડી. તંત્ર તથા તેના સલાહકારો કે મંજુરીઓ આપતા લોકો વિકાસને ધ્યાનમાં રાખી આવી મંજુરીઓ આપતા હોય છે. જૂનાગઢ શહેરમાં જયાં ૯૯૯ ગામનું વહીવટી સંચાલન થતું હતું તેવી જગ્યાઓ પૈકી જૂનાગઢ મામલતદાર ઓફીસ, ટ્રેઝરી ઓફીસ, શિક્ષણ ઓફીસ, તાલુકા પંચાયત, ફાઈલેરીયા જેવી અનેક ઓફીસો બેસતી હતી તે બીલ્ડીંગની જગ્યા ખુબ જ વિશાળ છે તેમજ સરકારશ્રી દ્વારા આ હેરીટેજ ઈમારત કે જે હવે રીપેર થઈ શકે તેમ નથી અને જેનું અતી કિંમતી સાગનું લાકડુ સડી રહયુ છે. લાખો બેલા તેમાંથી નીકળે તેમ છે. આ જગ્યાએ જો નવું બીલ્ડીંગ બનાવવામાં આવે તો રેવન્યુ સિવાયની તમામ શાખાઓનો સમાવેશ આ બીલ્ડીંગમાં થઈ શકે તેમ છે અને પી.ડબલ્યુ.ડી. તંત્રને આવી જગ્યાઓએ કામ કરવાનું ફાવતું નથી કારણકે વીકાસનો હીસાબ કેવી રીતે રાખવો. ટેન્ડરની રકમ ઓછી થઈ જાય તો વિકાસની ગણતરી કેવી રીતે કરવી તે સમસ્યા બની જાય જેથી ફકત અને ફકત નવા બાંધકામમાં જ પી.ડબલ્યુ.ડી. તંત્ર રસ લઈ રહ્યું છે. જો કે આ જૂનાગઢની જ વાત નથી આખા ગુજરાતની પણ આવી જ હાલત છે . જુની તાલુકા પંચાયત તથા જુની ટ્રેઝરી ઓફીસના બિલ્ડીંગની સામે જુની કલેકટર ઓફીસ તથા કોઈ અગમ્ય કારણોસર જેમાં આગ લાગેલી તે જીલ્લા પંચાબવાળી જગ્યા આવેલી છે. અને તેની પાછળ જુનાગઢનું આન-બાન અને શાન સમુ મ્યુઝીયમ આવેલુ છે. આ મ્યુઝીયમ વાળુ બીલ્ડીંગ અંદાજે ૧૩૦થી ૧૪૦ વર્ષ જુનું છે. અને તેની એક કાંકરી પણ હલી નથી. તેના રીનોવેશન માટે સરકાશ્રીએ કોઈ મોટી રકમ ફાળવી છે તેવું પણ જાણવા મળેલ અને આ કામ ઝડપથી શરૂ થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. અને મ્યુઝીયમની ગરીમા ફરીથી મળે તેવા પ્રયાસ કરવા જોઈએ.

જો અધીકારીઓ ધારે તો શું ન કરી શકે? તેનો તાજેતરનો જ એક દાખલો પુરતો છે તેમ નવાબી શાસન સમયના બિલ્ડીંગમાં સર્કલ ચોકમાં હાલ એસ.બી.એસ. એટલે કે નવી એસ.બી.આઈ બેસે છે તે લોકોએ આખા જુનવાણી બીલ્ડીંગને ઈન્ટેક રાખી અને અંદરના ભાગે જુના સ્લેબની જગ્યાએ નવો સ્લેબ ભરેલ છે. ફક્ત સરકારની તથા અધીકારીઓની ઈચ્છા શકિત ઉપર આધારીત છે.

જો જુના તાલુકા પંચાયત તથા જુની ટ્રેઝરી ઓફીસ વાળી જગ્યાનો ઉપયોગ કરવામાં આવે તો સરકારના કરોડો રૂપિયા બચી શકે તેમ છે અને જૂનાગઢ પુર્વનો વિસ્તાર જે મૃતપાય હાલતમાં છે તેનો વિકાસ થતા જૂનાગઢને નવા ધબકારા મળી શકે તેમ છે.

નિષ્ઠાવાન અને પ્રમાણિક અધિકારીઓના તથા જૂનાગઢ શહેરના રાજકીય સિવાયના જેન્ટ્રીઓનું માર્ગદર્શન મેળવી આ ઓફીસો હાલ બહુમાળી ભવનમાં છે તેનો સમાવેશ થાય તેવડી મોટી જગ્યા છે. પાર્કિંગની પણ સમસ્યા નડે તેમ નથી. તો આ બાબતે ગંભીરતા પુર્વક વિચારી અને અન્ય જગ્યાઓ કે જે તે ઓફીસો જે તે તંત્ર પાસે હતી તેનો કબ્જો છોડતા નથી અને તેમાં પેશકદમીઓ થઈ રહી છે. બિલ્ડીંગના બેલાઓ કાઢી, જુનવાણી લાકડાઓ લઈ જઈ ચોરીઓ પણ થઈ રહી છે. તે પણ સરકારે પોતાના હસ્તગત કરી એ મિલ્કતનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ અને આ માટે કલેકટરમાં એક સ્પેશ્યલ અધિકારીની નિમણૂંક કરી જૂનાગઢના વિકાસમાં સહભાગી બનવું જોઈએ તેવું શહેરના જાગૃત નાગરીક અશ્વિનભાઈ મણીયારે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવેલ છે.

# મેન્યુઅલ સ્કેવેન્જર્સ અને અસ્વચ્છ શૌચાલયોના સર્વે બાબત જાગૃત્તિ અભિયાન

જૂનાગઢ, તા.૬

ધ પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબિલિટેશન એક્ટ ૨૦૧૩ (**M.S.Act,**૨૦૧૩)ની જોગવાઈ હેઠળ તેમજ સુપ્રીમ કોર્ટના તા.૨૦-૧૦-૨૦૨૩ ના આદેશ મુજબ તથા ભારત સરકારની તા. ૧-૨-૨૦૨૪ની ગાઈડલાઈન અન્વયે મેન્યુઅલ સ્કેવેન્જર્સ (વ્યક્તિ કે જેને સ્થાનિક સત્તામંડળ, એજન્સી, કોન્ટ્રાકટર કે અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા, માનવ મળમૂત્રની કોઈપણ પ્રકારના ઉપકરણો કે સલામતીના સાધનો વિના ખુલ્લા હાથેથી સફાઈ કરવા, વહન કરવા, નિકાલ કરવાના કામમાં રોકાયેલા હોય કે કાર્યરત હોય તથા અસ્વચ્છ શૌચાલય (શૌચાલયમાં માનવ મળમૂત્ર અને કોઈપણ પ્રકારના ઉપકરણો કે સલામતીના સાધનો વિના ખુલ્લા હાથેથી સાફ કરવું પડે અથવા તો મળમૂત્ર સંપૂર્ણપણે વિઘટિત થાય એ પહેલા મેન્યુઅલી સાફ કે નિકાલ કરવો પડે) નો સર્વે થશે. કાયદાકીય જોગવાઈઓ, સૂચનાઓ તથા માર્ગદર્શિકા મુજબ જો કોઈ વ્યક્તિ મેન્યુઅલ સ્કેવેન્જર તરીકેના કામ કે પ્રવૃત્તિમાં રોકાયેલા કે કાર્યરત હોય તો તેવા વ્યક્તિએ સ્વ ઘોષણા મારફત (આધાર પુરાવો અને વિગતો સાથે) સ્થાનિક સતામંડળ, સ્વયંઘોષણા કેન્દ્રો ઉપર (સંબંધિત મહાનગરપાલિકા, નગરપાલિકા, ગ્રામ પંચાયતમાં) પોતાને જાહેર કરવાના છે અથવા નોંધણી કરવી. સ્થાનિક સત્તા મંડળો, મહાનગરપાલિકા, નગરપાલિકા, ગ્રામ પંચાયતે તા.૨૩-૮-૨૦૨૪ સુધીમાં અસ્વચ્છ શૌચાલયનો સર્વે કરી તેની યાદી બનાવવી. શહેરી વિસ્તાર માટે આ અંગેના સ્થાનિક સત્તામંડળ, સ્વયં ઘોષણાકેન્દ્ર તરીકે સંબંધિત મહાનગરપાલિકા અને નગરપાલિકા તેમજ ગ્રામ વિસ્તાર માટે સંબંધિત ગ્રામ પંચાયત રહેશે. મેન્યુઅલ સ્કેવેન્જર તરીકેની કામગીરી કે પ્રવૃત્તિમાં રોકાયેલા હોય કે કાર્યરત હોય તેવા વ્યક્તિ ઉક્ત બાબતે તા.૨૩-૮-૨૦૨૪ સુધીમાં સ્વયં ઘોષણા અથવા નોંધણી કરવી શકાશે, તેમ જૂનાગઢ જિલ્લા નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ફાયનાન્સ કંપની પાસેથી હપ્તાથી લીધેલ ધીરાણ ન ચુકવતા

# આરોપીઓને નેગોશીએબલ ઈન્સ્ટ્રુ. એક્ટ અંતર્ગત જુદા જુદા ફોજદારી કેસોમાં સજા ફટકારતી જૂનાગઢની કોર્ટ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢના એડીશ્નલ ચીફ જયુડી. મેજી.ની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટુ. એક્ટ તળેના ફોજદારી કેસો ચાલી જતા કોર્ટ દ્વારા નીચે મુજબ ચુકાદાઓ આપેલ છે. જેમાં સોરઠ નાગરીક શરાફી મંડળી લી. પાસેથી હરેશ દામજીભાઈ કોરાટે હપ્તાથી પરત આપવાની શરતે લોન લઈ લોનની રકમના હપ્તા ન ચુકવતા આ ચડત હપ્તાની લોન ચુકવવા આપેલ ચેક પરત થતા જૂનાગઢની કોર્ટે નેગોશીએબલ ઈન્સ્ટ. એક્ટની કલમ -૧૩૮ ના ગુન્હામાં ૩(ત્રણ) માસની સજા તથા ચેકની રકમ વળતર તરીકે અપાવવાનો હુકમ કરેલ છે.

સી. જે. ફાયનાન્સ લી. પાસેથી ઈકબાલ સીદીકભાઈ સુમરાએ વાહન ખરીદવા હપ્તાથી રકમ ચુકવવા ધીરાણ મેળવેલ હતું જે ચડત હપ્તાની રકમ ચુકવવા આપેલ ચેક વણચુકવ્યો પરત થતા જૂનાગઢની કોર્ટ દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટુ. એક્ટ કલમ ૧૩૮ ના ગુન્હામાં આરોપીને ૧ (એક) વર્ષની સજા તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલ છે.

આ ઉપરાંત એક કેસમાં સી. જે. ફાયનાન્સ લી. પાસેથી અમરાભાઈ રૂપાભાઈ રાજકોટીયાએ પર્સનલ લોન-ધીરાણ હપ્તેથી ચુકવવા ધીરાણ તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલ છે.

સી. જે. ફાયનાન્સ લી. પાસેથી અમરાભાઈ રૂપાભાઈ રાજકોટીયાએ પર્સનલ લોન-ધીરાણ હપ્તેથી ચુકવવા ધીરાણ મેળવેલ હતું અને ચડત હપ્તાની રકમ ચુકવવા આપેલ ચેક વણચુકવ્યો પરત થતા જૂનાગઢની કોર્ટ દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટુ. એક્ટની કલમ ૧૩૮ ના ગુન્હામાં આરોપીને ૬ (છ) માસની સજાનો હુકમ કરેલ છે.

સી. જે. ફાયનાન્સ લી. પાસેથી મહેબુબ મલીક વજીરે વાહન ખરીદવા હપ્તાથી રકમ ચુકવવા ધીરાણ મેળવેલ હતું અને ચડત હપ્તાની રકમ ચુકવવા આપેલ ચેક પરત થતા જૂનાગઢની કોર્ટ દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટુ. એક્ટની કલમ-૧૩૮ ના ગુન્હામાં આરોપીને ૧ (એક) વર્ષની સજા તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલ છે.

સી. જે. ફાયનાન્સ લી. પાસેથી મેરામણભાઈ ગીગાભાઈ ઓડેદરાએ વાહન ખરીદવા હપ્તાથી રકમ ચુકવવા ધીરાણ મેળવેલ હતું અને ચડત હપ્તાની રકમ ચુકવવા આપેલ ચેક વણચુકવ્યો પરત થતા જૂનાગઢની કોર્ટ દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટુ. એક્ટની કલમ - ૧૩૮ ના ગુન્હામાં આરોપીને ૧ (એક) વર્ષની સજા તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલ છે.

# સોમનાથ મંદિરમાં શ્રાવણના પ્રથમ સોમવારે ૬૮ ધ્વજાપૂજા કરાઈ

## સાંજે ૬ સુધીમાં ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૬

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ મહિનાનો પ્રથમ દિવસ અને તેમાં પણ પ્રથમ દિવસ જ સોમવાર હોય ગઈકાલે સોમનાથ મહાદેવના ચરણોમાં ભક્તોનો મહાસાગર ઉમટયો હતો. શિવજીની આરાધનાના મહાપર્વ એવા શ્રાવણ માસના પવિત્ર સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરી ભક્તિનું ભાથું બાંધવા શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શન કરી પૂજામાં જોડાયા હતા. ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી શ્રી જે.ડી પરમારના હસ્તે સૌપ્રથમ ધ્વજા પૂજા, પાલખી પૂજા કરી શ્રાવણ ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સોમનાથ તીર્થની પ્રણાલિકા અનુસાર સવારે સોમનાથ મહાદેવની પ્રતિકૃતિ સ્વરૂપે મંદિર પરિસરમાં પાલખી યાત્રા કાઢવામાં આવી હતી જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

સમગ્ર દિવસ દરમ્યાન શ્રી સોમનાથ મહાદેવની ધર્મધ્વજાના અહર્નિશ ફરકતી રહી હતી. શ્રી સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા અત્યાર સુધીના તમામ વિક્રમ પાર કરીને ૬૮ ધ્વજા પૂજા નોંધાઈ હતી. દર્શન કરનાર ભક્તોમાં મહાદેવની ધ્વજા પૂજાનું અદભુત આકર્ષણ જોવા મળ્યું હતું. સોમનાથમાં પ્રવેશ કરતાની સાથે જ આકાશમાં ફરકી રહેલ સોમનાથ મંદિરનો ધર્મધ્વજ શ્રદ્ધાળુઓના મનમાં અનેરી આસ્થા ઉત્પન્ન કરે છે. સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા દાયકાઓથી શ્રદ્ધાળુઓમાં પરમ આસ્થાનું કેન્દ્ર રહી છે. ત્યારે આ વખતે શ્રાવણ માસમાં સોમનાથ મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ પૂજન વ્યવસ્થા ઊભી કરી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તોના પૂજન અનુભવને વધુને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટે બહુસ્તરીય આયોજન કરવામાં આવ્યું છે. જેની ફળશ્રુતિ સ્વરૂપે શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારે છે ત્યારે તીર્થનું ભક્તિમય વાતાવરણ તેઓને આધ્યાત્મિક અને પૂજા કાર્ય માટે પ્રેરણા આપે છે. ગઈકાલે શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવને ૬૮ ધ્વજા પૂજા કરવામાં આવી હતી. વેદોક્ત મંત્રોચ્ચાર સાથે વિધીવિધાન થી ધ્વજા પૂજન કરીને ભકતોએ સોમનાથ મહાદેવના પરમ સાંનિધ્યનો અનુભવ કર્યો હતો. કોરોના મહામારી બાદ લોકોમાં આસ્થા વધુ સુદ્રઢ બની હોય તે ગત વર્ષોમાં શ્રદ્ધાળુઓમાં વધતી સંખ્યા અને પૂજા કાર્ય પ્રત્યેના ઉત્સાહથી અનુભવી શકાય છે. ઉલ્લેખનીય છે કે સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.

# કોડીનારના ઘાંટવડ ગામમાં શહીદે કરબલાની યાદમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૬

સમસ્ત ઘાંટવડ ગામ આયોજીત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ઘાંટવડ કુમાર શાળા ખાતે રાખવામાં આવ્યું હતું જેમાં ઘાટવડ ગામના તમામ ગ્રામ જનોએ ઉત્સાહ ભેર ભાગ લઈ અને આ યાદે શાહિદે કરબલા બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવેલ જેમાં કુલ ૯૧ બોટલ લોહીનું દાન કરવામાં આવેલ આ કેમ્પમાં સવારે દસ વાગ્યે સૈયદ ઈર્શાદ હુસેન બાપુનાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરી કેમ્પની શરૂઆત કરાઈ હતી. આ બ્લડ ડોનેશન કેમ્પ મા રેડ ક્રોસ બ્લડ બેંક વેરાવળ તથા લાઈફ લાઈન બ્લડ સેન્ટર જૂનાગઢ ના સ્ટાફે સેવા આપી હતી આ કેમ્પ નાં મુખ્ય આયોજન સરપંચ અબ્દુલ મહેતર અને શબ્બીર સેલોત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ને સફળ બનાવવા ઘાટવડ ગામના હિન્દુ મુસ્લિમ એકતા નાં પ્રતીક ગામના સરપંચ અબ્દુલભાઈ મહેતર અને શબ્બીર સેલોત તથા તેમની સમગ્ર ટીમ દ્વારા આ કેમ્પને સફળ બનાવવા ખુબ મોટી જહેમત ઉઠાવી હતી.

આ કેમ્પમાં આયોજકોના આમંત્રણને માન આપીને ગામના તમામ આગેવાનો તથા સમસ્ત ગુજરાત ઘાંચી સમાજના પ્રમુખ યુસુફભાઈ સોરઠીયા તથા ગીર સોમનાથ જિલ્લાનાં ઘાંચી મુસ્લીમ સમાજના પ્રમુખ યુસુફભાઈ કચરા તેમજ ગીર સોમનાથ જિલ્લાનાં ઘાંચી સમાજના અધ્યક્ષ સુલેમાનભાઈ ગઢીયા તથા જાવંત્રી જૂથ ગ્રામ પંચાયતનાં સરપંચ અલ્તાફ બ્લોચ તથા પ્રભાસ હોસ્પીટલનાં પ્રેસિડેન્ટ બસિર ગોહેલ તેમજ માનવ સેવા ગ્રુપનાં સભ્ય ઈરફાનભાઈ સુમરા અને પ્રભાસ પાટણનાં પટની સમાજના પ્રમુખ યુસુફભાઈ પાકીઝા તથા ગીર વાડલા ગામના સામાજીક કાર્યકર ધવલ કોટડીયા, ગુજરાત લઘુમતી મોરચાના ઉપાધ્યક્ષ જિશાનભાઈ નકવી, તાલુકા હેલ્થ ઓફિસર ડો.પઢિયાર, ઘાટવડ મેડિકલ ઓફિસર ડો.ચોહાણ તથા ગીર સોમનાથ જિલ્લાના સી.એચ.ઓ નોડલ ઓફિસર સંજય ગોહિલ ઉનાથી કાન,નાક, ગળાના સર્જન અતિક ભાઈ રવનના તેમજ જીવનદિપ હેલ્થ એજ્યુકેશનનાં પ્રમુખ આરીફ ચાવડા અને પ્રા.આરોગ્ય કેન્દ્ર ઘાટવડનાં તમામ સ્ટાફે ખાસ હાજરી રહી પોતાનું અમૂલ્ય યોગદાન તેમજ હાજરી આપી હતી.

# શ્રી કૃષ્ણના જીવન ઉપર આધારિત વિશ્વની પ્રથમ સંગીતમય યાત્રા 'રાજાધિરાજ : લવ લાઈફ લીલા'

## NMACC ધ ગ્રાન્ડ થિએટરમાં ૧૫ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી મંચન

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૬

ભગવાન શ્રી કૃષ્ણના રાજાધિરાજ સ્વરૂપ ઉપર આધારિત વિશ્વની પ્રથમ સંગીતમય મહાનાટિકા, 'રાજાધિરાજ : લવ લાઈફ લીલા'ની સંકલ્પના અને પ્રસ્તુતિ ધનરાજ નથવાણી દ્વારા કરવામાં આવી છે. ભગવાન શ્રી કૃષ્ણની મહાનતા અને પરોપકારિતાને જીવંત કરતી ૧૨૦ મિનિટની અવધિની આ સંગીત નાટિકાનું મંચન નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર **(NMACC)**ના ગ્રાન્ડ થિએટર ખાતે ૧૫ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી દરરોજે કરવામાં આવશે.

આ અભૂતપૂર્વ સંગીત નાટિકામાં દર્શાવાયેલી કૃષ્ણની ભવ્યતા અને સંમોહનની અનુભૂતિ માટે પ્રેક્ષકોને આમંત્રિત કરતા ધનરાજ નથવાણીએ જણાવ્યું હતું કે, ''રાજાધિરાજઃ લવ લાઈફ લીલા'નું સર્જન એ મારા માટે ગાઢ લાગણી અને શ્રદ્ધા પૂર્ણ રહ્યું છે. શ્રી કૃષ્ણનું જીવન પ્રેરણાનું અનંત સ્રોત છે, અને આ સંગીત નાટિકા દ્વારા અમારો ઉદ્દેશ તેમણે મૂર્તિમંત કરેલી સુંદરતા, દૂરંદેશીપણા અને પ્રેમની વહેંચણી કરવાનો છે. શ્રી કૃષ્ણની ભગવાન શ્રીનાથજી અને દ્વારકાધીશ તરીકેની આ અનંત કથાઓ અને લીલાઓને પ્રસ્તુત કરતા હું રોમાંચ અનુભવી રહ્યો છું. આ પ્રસ્તુતિ અગાઉ કદી ન જોઈ હોય તેવી ભવ્યતાથી થઈ રહી છે, જેનાથી પ્રેક્ષકોને પણ શ્રી કૃષ્ણની દિવ્ય અને પ્રેરણાદાયી વીરગાથાનો અવિસ્મરણીયનો અહેસાસ થશે.''

આ નાટિકાના મંત્રમુગ્ધ કરી દેનારા કથાવાચન, અદ્ભુત દૃષ્યો અને આત્માના તાર ઝણઝણાવી દેતા સંગીત થકી, એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર – ભૂમિ નથવાણી સંમોહક અનુભૂતિની ગેરન્ટી આપે છે. તેમણે ઉમેર્યું હતું કે, ''આ અદ્ભુત પ્રોડક્શનને જીવંત કરવામાં અથાગ યોગદાન આપવા બદલ અમે તમામ કલાકારો અને ક્રુ મેમ્બર્સ પ્રત્યે ઊંડો આભાર પ્રગટ કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે શ્રી કૃષ્ણની દિવ્ય ગાથાને ૧૮૦થી વધારે કલાકારો મંચ ઉપર નૃત્ય અને ગીત-સંગીતની જીવંત પ્રસ્તુતિ દર્શકોને મંત્રમુગ્ધ કરી દેશે.''

ખ્યાતનામ ભારતીય ગીતકાર અને પટકથા-લેખક, પદ્મશ્રી વિજેતા પ્રસૂન જોશી દ્વારા લિખિત, આ સંગીત નાટિકા પ્રેક્ષકોને ભગવાન શ્રી કૃષ્ણની ઓછી-જાણીતી વાર્તાઓની પ્રસ્તુતિ છે. તેમાં વ્રજથી મેવાડ અને મથુરાથી દ્વારકા સુધીના તેમના જીવનમાં આવેલા પરિવર્તનોનું અતિસુંદર નિરૂપણ કરાયું છે.

સંગીત નાટિકાઓમાં નિપૂણતા ધરાવનારા અનુભવી થિએટર ડાયરેક્ટર, શ્રુતિ શર્માના નિર્દેશન હેઠળના આ નિર્માણમાં ૧૮૦ કરતા વધુ કલાકારોનું કૌવત જોવા મળ્યું છે, જે ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય સ્વરૂપોને સંમિલનને તાદશ રીતે પ્રસ્તુત કરે છે, કારણ કે શ્રીનાથજી અને દ્વારકાધીશ સ્વરૂપોને કોઈ સંગીત નાટિકામાં પ્રથમવાર એકસાથે દર્શાવવામાં આવ્યા છે. ગોકુલમાં પ્રેમાળ ગામવાસી તરીકે એક જાદુઈ ગોપાલકરૂપી કૃષ્ણની બાળલીલાઓથી




માંડીને શ્રીમદ ભગવદ્ ગીતાનો અવિનાશી ઉપદેશ આપતા સારથી તરીકે તેમની ફિલસૂફની ભૂમિકા દર્શાવતી આ સંગીત નાટિકામાં કૃષ્ણના અનેકવિધ વ્યક્તિત્ત્વની વિશેષતાને મંત્રમુગ્ધ સ્વરૂપે દર્શાવાઈ છે.

પ્રસિધ્ધ સંગીતકાર બેલડી સચિન-જીગર દ્વારા સંગીતબદ્ધ કરાયેલા ૨૦ ઓરિજિનલ ગીતો થકી આત્માના તાર ઝણઝણાવી દેનારો સાઉન્ડટ્રેક એ તેની મંત્રમુગ્ધતાનો પૂરાવો છે. આ સંગીતમાં પાશ્ચાત્ય સિમ્ફનિક તત્ત્વો, ખાસ કરીને બુડાપેસ્ટમાં રેકોર્ડ કરાયેલા સંગીતની સાથે ભારતીય શાસ્ત્રીય સંગીત ઉપરાંત હવેલી સંગીત, રાજસ્થાની અને ગુજરાતી લોકસંગીત, તથા ભારતીય અર્ધ-શાસ્ત્રીય શૈલીનું સંમિશ્રણ કરાયું છે. એવોર્ડ-વિજેતા બોલિવૂડ પ્રોડક્શન ડિઝાઈનર ઓમંગ કુમારે દર્શકોને પુરાતન ભારતની લટાર મરાવતા દશ્યોને અદભુત રીતે કંડાર્યા છે. આ શોનું રચનાત્મક નિર્માણ જાણીતા વ્યાવસાયિકો પાર્થિવ ગોહિલ અને વિરલ રાચ્છે રાષ્ટ્રીય પુરસ્કાર-વિજેતા લેખક રામ મોરીની સાથે કર્યું છે જેમાં ઊંડાણપૂર્વકના કથા સંશોધનની પ્રસ્તુતિ કરાઈ છે. કોરિયોગ્રાફર્સ બર્ટવિન ડી'સોઝા અને શમ્પા ગોપીક્રિશ્નાની અતિસુંદર નૃત્ય શ્રેણીઓ કે જેને ૬૦થી વધુ નૃત્યકારોએ પ્રસ્તુત કરી છે, તે કૃષ્ણની રંગોના વૈવિધ્યથી ભરપૂર દુનિયામાં ઓર ગરકાવ કરી દેશે. શમ્પા ગોપીક્રિશ્ના તેમના દિવંગત પિતા અને મહાન કથક નૃત્યકાર તથા કોરિયોગ્રાફક નટરાજ ગોપીક્રિશ્નાના વારસાને આગળ ધપાવી રહ્યા છે.

ખ્યાતનામ કોસ્ચ્યુમ ડિઝાઈનર નીતા લુલ્લા, કે જેઓ અસંખ્ય આઈકોનિક ભારતીય ફિલ્મોમાં પોતાના કામ માટે જાણીતા છે, તેમણે બારીકાઈથી ડિઝાઈન કરાયેલા ૧૮૦૦થી વધુ કોસ્ચ્યુમ સાથે પુરાણોના પાત્રોને જીવંત બનાવી દીધા છે, જે દરેક પાત્રની દિવ્ય ચંચળતા, સાહસ, અને આધ્યાત્મિક ઊંડાઈ ઉપર ભાર મૂકે છે. **NMACC** – ધ ગ્રાન્ડ થિએટર ખાતે "રાજાધિરાજઃ લવ લાઈફ લીલા" – શ્રી કૃષ્ણની દિવ્યગાથાની પ્રસ્તુતિ અલૌકિક દુનિયાની અવિસ્મરણીય અનુભૂતિ કરાવશે. જેની ટિકિટ્સ હવે **nmacc.com** અને **bookmyshow.com** ઉપર ઉપલબ્ધ બની રહેશે.

ભ્રષ્ટાચારથી ખદબદતા ભાજપના કહેવાતા શાસકોના પાપે કે પછી..?

# જૂનાગઢ મહાનગરની પાંચ વર્ષની મુદત પુરી થવા છતાં સમયસર સામાન્ય ચૂંટણી ન કરવાનુ કારણ શુ ?

## રાજકીય તજજ્ઞોનું રસપ્રદ તારણ શું ? ભ્રષ્ટ વૃતિના કહેવાતા શાસકોના પાપે કે પછી ?

ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)

જૂનાગઢ તા. ૬

પાંચ વર્ષની અવધી પુરી થવા છતા જૂનાગઢ મનપા પર લહેરાતો ભાજપનો ભગવો ગત માસના અંતિમ દિવસે સંકેલાઈ ગયો છે. એવંમ્ ભ્રષટ વૃતિના મનાતા શાસકો સામાન્ય નાગરિક બની જવાની સાથે ન ભૂતો ન ભવિષ્ય જેવા ભાજપના ભ્રષ્ટ મનાતા શાસનનો અંત આવ્યાની લાગણી મહાનગરજનો અનુભવતા હોય તેવો એક હાશકારો સામાન્ય નાગરીકથી માંડીને સૌ કોઈ બૌધ્ધિકો તો ઠીક ખુદ ભાજપના સંનિષ્ઠ અને પ્રમાણિક એવા નાના મોટા આગેવાનો - કાર્યકરો પણ અનુભવતા જોવા મળી રહયા છે.! લોક દ્રષ્ટીએ આ વિષય જરૂર ચર્ચાનો ગણાય. પરંતુ આ વિષય ઉપર રાજકીય તજજ્ઞોની દ્રષ્ટી કંઈક જુદી જ હોય તેવું બહાર આવેલ છે.

જૂનાગઢ મનપાની પાંચ વષની મુદતના અંતિમ દિવસે પુરી થઈ જવાની છતાં નિયમાનુસાર હાથ ધરવાની થતી સામાન્ય ચૂંટણી સબબ કોઈ પ્રકીયા તંત્ર દ્વારા શા માટે હાથ ધરવામાં ન આવી ?

શું? ભારે ચોમાસું કારણભૂત હતું કે પછી...! એવા તે ક્યાં કારણો ઉભા થયા કે મનપાનો વહીવટ લોક પ્રતિનિધિઓના હાથમાં સોંપવાને બદલે ભાજપ સરકારે પોતાના હાથમાં લઈ લીધો ? એટલું જ નહીં કોઈ અલાયદા અમલદારની વહીવટદાર તરીકે નિમણૂંક કરવા ને બદલે હાલના મ્યુ. કમિશ્નરને શા માટે વહીવટદાર તરીકે નિમણૂંક આપીને બેવડી ભૂમિકા સોંપવામાં આવી ?

શું ..? તે પાછળનું કોઈ મોટું રાજકારણ છે ? પાંચ વર્ષ સુધી સત્તામાં રહીને મોટી તગડી મલાઈ જમી જનારા કોઈ એવા મોટા ગજાના ઘરે બેસી ગયેલા રાજકારણીનો ઈશારો કામ કરી ગયો ? આ પ્રશ્ન મહનગરના બૌધ્ધિકોને પણ મુંઝવી રહ્યો છે પણ રાજકીય તજજ્ઞોનું તારણ કંઈ જુદું જોવા મળે છે.

ગુજરાતમાં ભાજપની સરકાર છે અને વહીવટદાર ની નિમણુંક પણ સરકાર જ કરનાર હોય સ્વભાવિક જ છે કે મનપાના વહિવટ પર આડકતરો દબદબો તો સ્થાનિક કહેવાતા બળુકા ભાજપના આગેવાનો જ રહે ! એવં મહા નગરનો વહીવટ તો ધરે બેસી ગયેલા ભ્રષ્ટ વ્રુતિ ના કહેવાતા બળુકા મનાતા સતા ભૂખ્યા આગેવાનો - નેતાઓ ના ઈશારે થાય તે કોઈ રાજકીય તજજ્ઞો માટે ચર્ચાનો વિષય ન ગણાય.!

પણ મુળ ચર્ચાનો વિષય એટલો જ છે કે મનપાની બોડીની અવધી જુલાઈના અંતમાં પુરી થઈ જવાની હોવા છતાં એવા તે ક્યાં કારણો ઉભા થયા કે સામાન્ય ચૂંટણી સંબંધી કોઈ પ્રકીયા તંત્ર દ્વારા હાથ ધરવામાં ન આવી ? મતલબ કે પ્રથમથી જ ચુંટણી ન કરવાનો ઈરાદો તંત્રનો શા માટે ન હતો?

જો કે રાજકીય તજજ્ઞોને તો સરકારના આ ઈરાદાની ગંધ તો અગાઉથી આવી ગયેલ હતી એટલું જ નહીં રાજકીય તજજ્ઞોને એ પણ ગંધ આવી ગઈ હતી કે, ભ્રષ્ટ વૃતિના મનાતા શાસકોએ જૂનાગઢ મનપાને રીતસરનો ભ્રષ્ટાચારનો મોટો અખાડો બનાવી દીધો છે અને તેના કારણે મહાનગરજનોમાં ફેલાયેલી ભારે રોષની લાગણીનો પડદો ન કરે નારાયણ ને સિધ્ધો જ મતપેટી પર પડશે તો? આ ડર ખુદ ભાજપનું મોવડી મંડળ છેલ્લા ઘણા લાંબા સમયથી અનુભવતું હતું અને તે સંબંધી અનેક ફરીયાદો પણ મોવડી મંડળ સમક્ષ થયેલ પણ હતી જેને લઈને ચૂંટણી પાછી ઠેલાશે તેવી ગંધ તો આવી જ ગયેલી.

ભાજપના ગણ્યા ગાંઠ્યા શાસકોને બાદ કરતા મોટાભાગના શાસકોની કહેવાતી નાણાભ્રષ્ટ વૃતિના કારણે મોટા ભાગના નગરજનો એક યા બીજા પ્રકારે ત્રસ્ત-નારાજ હતા.

એવંમ્ ભ્રષ્ટ વૃતિના મનાતા શાસકોના પોતાના વોર્ડના રહીશો તો ઠીક તેમના ટેકેદારોમાં પણ એટલો રોષ વ્યાપી ગયો હતો કે લોક પ્રકોપ સાથે ઘણા વોર્ડમાં રસ્તા પર ઉતરી પડતાં જોવા મળતા હતા. અને કેટલાક વોર્ડમાં તો કલાકો સુધી રોડ રસ્તાઓ પણ ચક્કાજામ કરી દેતા હતા. આ અહેવાલોની નોંધ લેવાની ફરજ ગાંધીનગરમાં બેઠેલા મોવડી મંડળને પડે તેટલી હદે કેટલાક સતા ભૂખ્યા કહેવાતા શાસકો બેફામ બનેલા. એટલુ જ નહીં મોવડી મંડળની વારંવારની ચેતવણી અને આદેશોને પણ ખંધા શાસકો ઘોળીને પી જતા હતા અને મોવડી મંડળ લોકસભાની ચુંટણીના કારણે જાણે કે મજબુર હોય તેમ મુક પ્રેક્ષક બની ગયેલ જોવા મળતો હતો. જે હોય તે પણ ભાજપ મોવડી મંડળને હજુ પણ ડર છે કે મનપા પર આ વખતે ભાજપનો ભગવો પુનઃ લહેરાશે કે નહિ ? જો કે ભાજપ મોવડી મંડળે પાણી પહેલા પાળ બાંધી હોય તેમ મહાનગર જૂનાગઢમાં જામનગરના કોઈ મોટા ભાજપ અગ્રણીની પ્રભારી તરીકેની તાકીદે નિમણૂંક કરેલી છે.

જો કે આ પ્રભારી પર પણ કહેવાતા એક અતિ સતા પદ લાલચું ધરાર બની બેઠેલા એક મોટા ગજાના નેતાઓ ભભૂતિ એવંમ્ દાણા છાંટવાની કોશીશ કરી રહ્યા હોવાનું કેટલાક ભાજપના જ સંનિષ્ઠ નેતા, આગેવાનોમાં ચર્ચાય રહ્યું છે તે પણ થોડામાં ધણું છે.

# શ્રાવણ માસના પ્રથમ દિન સોમવારે પોણો લાખથી વધુ શિવભક્તોએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવ્યું



## સોમનાથ મંદિરે વ્હેલી સવારથી જ અવિરત ભાવિકોનો સમુદ્ર ઘુઘવાયો : મહાદેવને શિવને પ્રિય એવા બિલ્વપત્રનો અલોકીક શણગારના દર્શન કરી ભાવિકોએ ધન્યતા પ્રાપ્ત કરી : રેકર્ડબ્રેક ૬૮ ધ્વજાઓ ચડી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૬

શિવની ભક્તિ માટે પવિત્ર ગણાતા એવા પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે અને સંયોગથી પ્રથમ દિવસ અને પ્રથમ શ્રાવણીયો સોમવાર હોવાથી પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિર ખાતે દિવસભર શિવ ભકતોનો સાગર ઘુઘવાયો જોવા મળતો હતો. જેમાં સાંજ સુધીમાં અડધા લાખથી વધુ ભાવિકોએ દર્શન કરેલ હતા. તો પ્રથમ દિવસે જ અત્યાર સુધીમાં સૌથી વધુ એક દિવસમાં રેકર્ડબ્રેક ૬૮ ધ્વજાઓ ભાવિકોએ ચડાવી હતી. આજે શ્રાવણ માસનો પ્રથમ દિવસ અને સોમવાર હોવાથી વ્હેલી સવારે ૪ વાગ્યે સોમનાથ મંદિરના દ્વાર ભાવિકો માટે ખુલ્લા મુકવામાં આવેલ ત્યારે કતારબંધ લાઈનમાં ઉભેલા ભાવિકોના "હર હર મહાદેવ...જય સોમનાથ" ના નાદથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતુ. ત્યારબાદ સાત વાગ્યે મહાઆરતી અને મહાપૂજા કરવામાં આવી હતી. શ્રાવણ માસની પ્રથમ ધ્વજપૂજા ટ્રસ્ટી જે.ડી.પરમાર, જીએમ વિજયસિંહ ચાવડા, મેનેજર દિલીપ ચાવડાના હસ્તે થઈ હતી. શ્રાવણ માસના ત્રીસ દિવસ અવિરત ચાલતા મહામૃત્યુંજય યજ્ઞનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. સવારે ૯ વાગ્યે સોમનાથ મંદિરની પ્રણાલિકા અનુસાર સોમનાથ મહાદેવની પ્રતિકૃતિ સ્વરૂપે મંદિર પરિસરમાં પાલખી યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજારો ભક્તો હર હર મહાદેવના નાદ સાથે જોડાયા હતા. આ પાલખી યાત્રામાં શિવજીના મુખાર વિંદની પૂજા કરી પાલખીમાં બિરાજમાન કરી યાત્રા પરીસરમાં ફરી હતી. તે સમયે જાણે સ્વયં મહાદેવ નગરચર્યામાં નીકળ્યા હોય તેવી અનુભૂતિ શિવભક્તોએ કરી હતી. આજે સવારે ૪ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા દરમ્યાન ૫૦ હજારથી વધુ ભાવિકોએ શીશ ઝુકાવી ધન્યતા પ્રાપ્ત કરી હતી. આજે શ્રાવણના પ્રથમ સોમવારની સંધ્યાએ સોમનાથ મહાદેવને વિશેષ બિલ્વપત્રનો શૃંગાર કરવામાં આવ્યો હતો. બિલ્વપત્ર ભગવાન શિવને અત્યંત પ્રિય હોવાથી બિલીપત્ર અર્પણ કરવાથી ભક્તોને ત્રણ જન્મના પાપમાંથી મુક્તિ મળે છે. બિલ્વપત્રને ત્રિદેવનું પ્રતિક માનવામાં આવે છે. તેના ત્રણ પર્ણમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિનિધિત્વ કરે છે.તેના દર્શન અને સ્પર્શથી મન શાંત થાય છે. શૃંગારમાં બિલ્વપત્ર, ચંદન, ભસ્મ અને પુષ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મંદિરના પૂજારીઓ દ્વારા ત્રણ કલાકના પરીશ્રમ થકી સોમનાથ મહાદેવને બિલ્વપત્રનો અલોકીક શૃંગાર કરવામાં આવ્યો હતો.

**મહાદેવને રેકર્ડબ્રેક ધ્વજાઓ ચડી**

શ્રાવણ માસના પ્રથમ દિવસે ભાવિકો દ્વારા ચડાવતી ધ્વજાના તમામ રેકર્ડ તૂટયા છે. મહાદેવની ધ્વજા પૂજા અત્યાર સુધીના તમામ વિક્રમ પાર કરીને આજે એક જ દિવસમાં ૬૮ ધ્વજા પૂજા ભાવિકો દ્વારા નોંધાતા ક્રમશઃ તમામ ધ્વજાઓ મંદિરના શિખર ઉપર ફરકી હતી. મહાદેવની ધ્વજા પૂજા દાયકાઓથી શ્રદ્ધાળુઓમાં પરમ આસ્થાનું કેન્દ્ર રહી હોવાથી આ વર્ષે ધ્વજાપૂજા માટે ખાસ વ્યવસ્થાઓ ટ્રસ્ટ દ્વારા ગોઠવવામાં આવી છે.

## શ્રાવણ માસના પ્રથમ દિવસ અને સોમવારના દ્વાદ્શ જયોતિલીંગ નાગેશ્વર મહાદેવનું મંદિર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયું



શિવ ભક્તોએ દુધ અભિષેક જલ અભિષેક બિલીપત્ર ચડાવી ધન્યતા અનુભવી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૬

યાત્રાધામ દ્વારકાથી ૧૬ કિ.મીના અંતરે આવેલ બાર જયોતિલીંગ માનું એક છઠ્ઠા નંબરનું દ્વાદ્શ જયોતિલીંગ દારૂકાવન નાગેશ્વર મહાદેવને શ્રાવણ માસનો પ્રથમ દિવસ અને પ્રથમ સોમવાર હોવાથી વહેલી સવારે છ વાગ્યાથી જયોતિલીંગ હર હર મહાદેવ નાદથી ગુંજી ઉઠયું હતું. આજે વહેલી સવારની મહા આરતીમાં મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટ્યા હતા. ભક્તોએ શિવજીને દુધ અભિષેક જળઅભિષેક, બિલીપત્રો ચડાવી ધન્યતા અનુભવી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યા હતા.

## ઉના : એમ.કે. કોમ્પલેક્ષ અતિ જર્જરિત



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૬

ઉના મધુરમ સ્કૂલ ની સામે એમ કે કોમ્પ્લેક્સ ઋષિ તોયા સોસાયટી પાસે અતી જર્જરીત હાલતમાં છે કોમ્પ્લેક્સનો ભાગને પાયા પણ જર્જરીત છે. તંત્ર વહેલીતકે કામગીરી કરે તેવી લોકોની માંગણી ઉઠી છે. આ કોમ્પ્લેક્સ હાલ ત્રણ માળનું કોમ્પ્લેક્સ અત્યંત જર્જરીત હાલતમાં છે. કોમ્પલેક્ષની નીચે દુકાનો આવેલી છે જેથી આ વિસ્તારમાં ભારે ભીડની અવરજવર રહેતી હોય છે માટે આ કોમ્પ્લેક્સ વહેલાસર કામગીરી થાય લોકોની માંગણી છે. ઉનામાં જૂના કોમ્પલેક્ષની તપાસ કરી તેની સામે યોગ્ય પગલાં લે તેવી માંગ ઉઠી છે.

## દેવભૂમિ દ્વારકા NSUI દ્વારા ફોરેસ્ટ ભરતીમાં ગેરરીતિ થયાનો આક્ષેપ : કલેકટરને રજૂઆત



જામ ખંભાળિયા, તા.૬

છેલ્લા ઘણાં સમયથી ગૌણ સેવા દ્વારા ફોરેસ્ટ, સી.સી.ઈ., સબ ઓડિટર, સિનિયર સર્વેયર, મદદનીશ ઈજનેર, સિવિલ ગ્રાફિક ડિઝાઈનર એમ અલગ અલગ સંવર્ગ અને કેડરની ભરતીઓ સી.બી.આર.ટી. પદ્ધતિ દ્વારા લેવામાં આવી છે. આ પદ્ધતિથી મહેનતુ વિદ્યાર્થીઓને નુકસાન થાય છે તેવી બાબતો રજુ કરી, એન.એસ.યુ.આઈ. દ્વારા આ પદ્ધતિ નાબુદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. કે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે પરિણામ જાહેર કરવામાં આવેલ, તેમાં ફક્ત નામ જ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. તેના બદલામાં દરેક ઉમેદવારના નોર્મલાઈઝેશન પહેલા અને બાદ ના માર્કસ પ્રસિદ્ધ કરવામાં આવે તેવી માંગ ફોરેસ્ટના ઉમેદવારો દ્વારા કરવામાં આવી છે. જો ગુજરાતની પોલિસ ભરતી બોર્ડ તમામ માહિતી સાથે મેરીટ યાદી જાહેર કરે છે તો ગૌણ સેવા શા માટે ન કરી શકે?? તેવો સવાલ પણ ઉઠવા પામ્યો છે.

આમ, આ તમામ મુદ્દાઓને લઈને દેવભૂમિ દ્વારકા જિલ્લા એન.એસ.યુ.આઈ. દ્વારા ખંભાળિયામાં કલેકટરને આવેદનપત્ર આપી, સવિસ્તૃત રજુઆત કરવામાં આવી છે.

## ખંભાળિયાની સેવા સંસ્થા દ્વારા મંદિર પરિસરમાં સભા મંડપ ઊભો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયામાં સમયાંતરે વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા સત્યમ સેવા સમિતિ દ્વારા અહીંના વિરમદળ માર્ગ પર આવેલા શ્રી કાશી વિશ્વનાથ મંદિરના પટાંગણમાં આવતા-જતા યાત્રાળુઓ, શ્રદ્ધાળુઓની સુવિધા અર્થે સભા મંડપનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મંદિર પરિસરમાં ૨૫*૩૦ ફૂટનો સેડ બનાવીને પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મંદિરને અર્પણ કરવામાં આવ્યો હતો. જે બદલ શ્રદ્ધાળુઓ દ્વારા સંસ્થાના આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા દ્વારકા વિસ્તારમાં થયેલ સેવાકીય પ્રવૃતિને બિરદાવાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૬

દ્વારકા પંથકમાં તાજેતરમાં વરસી ગયેલા અતિભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયેલ, ખાસ કરીને સ્લમ વિસ્તારમાં ખુબજ મુશ્કેલી પડેલ ત્યારે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાન્ચ અમદાવાદ દ્વારા ઓખામંડળના



વિવિધ વિસ્તારમાં ઝુંપડ પટ્ટીમાં રહેતા લોકોને કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં પ્લાસ્ટિક ડોલ, તાલપત્રી, હાઈજેનીક કીટ, ધાબળા એવી કુલ ૫૦૦ કીટનું સફળતાપૂર્વક વિતરણ કરવા બદલ દ્વારકા રઘુવંશી અગ્રણીઓ જેમાં કે.જી.હિંડોચા, રમણભાઈ સામાણી, શ્રી અશ્વિનભાઈ ગોકાણી, લક્ષ્મીદાસભાઈ સોમૈયા, કમલેશભાઈ અનડકટ દ્વારા અમદાવાદ ટીમના પ્રતિકભાઈ કોસ્ટી, માર્મિકભાઈ અમીન, બલદેવસિંહ જાડેજા, ફરહાજખાન તેમજ કિશનભાઈનું શ્રી જલારામ મંદિર, દ્વારકામાં શાલ ઓઢાડી સન્માન કરી શ્રીજલારમ બાપાના આશીર્વાદ પાઠવેલ હતા.

## ઉના પોલીસ સ્ટેશન દ્વારા પકડાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૬

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર-સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી ઉના વિભાગ દ્વારા ઈંગ્લીશ દારૂ ગે.કા.રીતે પકડાયેલ હોય જેનો નાશ કરવા સુચના કરેલ હોય. ઉના પોલીસ સ્ટેશન ખાતે તા.૧/૯/૨૦૨૩ થી તા.૩૧/૫/૨૦૨૪ સુધીમાં ગે.કા.રીતે પકડાયેલ દારૂ જેના નિકાલ માટે કોર્ટ દ્વારા નાશ કરવાનું જણાવેલ હોય જે અનુસંધાને ઉના પો.સ્ટે.ગે,કા,રીતે પકડાઈલ દારૂ કુલ બોટલો ૬૯૬૩/- જેની કિ.રૂ.૮૦,૬૭૩૫/-નો મુદામાલ ઉના સુગર ફેકટરી ગ્રાઉન્ડ ખાતે મ્હે.પ્રાત.અધિ.સા. સી.પી.હીરવાણીયા તથા નાયબ અધિ.સા. એમ.એફ.ચૌધરી તથા ઉના પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણા તથા ઉના મામલતદાર તથા નશાબંધી આપકારી અધિક્ષકની હાજરીમાં મુદામાલનો નાશ કરવામાં આવેલ છે.

## ઊના શહેર ઓમકારેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ માસના સોમવારે ઘીની મહાપૂજા યોજાઇ



ઊના તા.૬

ઊના શહેરમાં ત્રિકોણબાગ પાસે આવેલ સુર્યમુખી હનુમાન મંદિરના સંકુલમાં ઓમકારેશ્વર મહાદેવ મંદિરે ગઈકાલે શ્રાવણ માસના પ્રથમ દિવસ અને સોમવારે એક ભકતજન દ્વારા ઘી ની મહાપૂજા યોજાઇ હતી. તેમજ સવારથી શિવભક્તો શિવજીને જળાઅભિષેક, બિલ્વપત્રની પૂજા, દૂધનો અભિષેક કરી શિવજીની પૂજા અર્ચના કરી હતી અને સાંજે ૧૦૮ દીવડાઓની દીપમાળા યોજાઈ હતી. આ પ્રસંગમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી લાભ લીધો હતો.

## ખંભાળિયાના રામનાથ મંદિરે ભગવાન શિવના માખણના દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાના પાદરમાં બિરાજતા પુરાણ પ્રસિદ્ધ શ્રી રામનાથ મહાદેવના મંદિરે શ્રાવણ માસના પ્રથમ સોમવારે માખણના સુશોભન સાથેના દર્શન યોજવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે એક જ નિજમંદિરમાં ત્રણ શિવલિંગ સાથે અહીંના રામનાથ મહાદેવના દર્શન તેમજ પૂજન-અર્ચનનું અલભ્ય મહાત્મય છે, ત્યારે ગઈકાલે સોમવારે શ્રાવણ માસના પ્રથમ દિને નિજ મંદિરમાં માખણના સુશોભન સાથેના દર્શન યોજવામાં આવ્યા હતા. તેનો લાભ મોટી સંખ્યામાં શિવભક્તોએ લઈ, અને ધન્યતા અનુભવી હતી.

## જૂનાગઢની અભિલેખાગાર કચેરીમાં પડેલ

# જુના રજવાડા-નવાબી કાળનાં રેકોર્ડનું જતન કરવા રજુઆત

જૂનાગઢ તા.પ

જૂનાગઢનાં એડવોકેટ જે.એસ. બાસઠીયા અને આરટીઆઈ એકટીવીસ્ટ હુસેનશા શામદારે સચીવશ્રી રમતગમત યુવા અને સાસ્કૃતિક પ્રવૃતિ વિભાગ જુના સચિવાલય ગાંધીનગરને પત્ર લખી એવી રજુઆત કરેલ છે કે જૂનાગઢ શહેરમાં આવેલ અભિલેખાગાર કચેરીમાં ઐતિહાસીક જુના વખતનું રેકોર્ડ જેમાં જુના રજવાડા અને નવાબી કાળનું રેકોર્ડ આવેલ છે તેનું સુયોગ્ય જતન કરવા જણાવ્યું છે. આ અભિલેખાગાર કચેરીમાં ૩૦૦ વર્ષ જુનુ રેકોર્ડ છે તેનું યોગ્ય જતન થાય તે ખુબ જ જરૂરી અને અનિવાર્ય છે તેમ જણાવતાં પત્રમાં એવી રજુઆત કરી છે કે, જૂનાગઢ સીટી વિસ્તાર સર્કલ ચોકની બાજુમાં અભિલેખાગારની કચેરી આવેલ છે તે કચેરીમાં ૩૦૦ વર્ષ જુના રેકર્ડ રાખવામાં આવેલ છે. જે બિલ્ડીંગમાં રેકર્ડ રાખવામાં આવેલ તે બિલ્ડીંગ જર્જરીત હાલતમાં હોય તેના કારણે ઓફીસ એક વર્ષથી બંધ હાલતમાં છે. તે કચેરીની અંદર જુનાગઢ તથા પોરબંદરનાં રજવાડા નવાબી કાળનાં ૯૯૯ ગામનું રેકર્ડ હોય તે રેકર્ડની હાલત જર્જરીત થવાના હાલતમાં હોય તેમજ જે કચેરીમાં રેકર્ડ રાખવામાં આવેલ છે તેમાં ચોમાસાની સીજનમાં પાણી પડે છે અને તેમનાં કારણે રેકર્ડનો નાશ થાય તેવી હાલત હોય અને એક વર્ષથી અભિલેખાગારની કચેરી બંધ હાલતમાં હોય તેમજ તે કચેરીની કલેકટરશ્રી કે અન્ય અધિકારી દ્વારા એક વર્ષની અંદર રેકર્ડની ખરાઈ કરવામાં આવતી નથી તેમજ અવાર નવાર અરજદારો દ્વારા ખરી નકલ માટે અરજી કરી રેકર્ડ બાબતે આવેલ છતાં હજી સુધી તે અરજીનો નિકાલ થયો નથી. તેમજ રેકર્ડનું જતન કોઈ જાતનું કરવામાં આવતું નથી. તેમજ કોઈ સરકારી અધિકારી રેકર્ડ બાબતે ધ્યાન દેતા નથી. તેમજ એક વર્ષથી કચેરી બંધ હાલતમાં હોય તેમજ નવી કચેરી માટે જગ્યા ફાળવેલ હોવા છતાં તે કચેરીમાં રેકર્ડ શીફટ કરેલ નથી તેમજ કચેરીમાં લાખો રૂપિયાનો ખર્ચ કરેલ હોવા છતાં તે કચેરીમાં રેકર્ડ ટ્રાન્સફર કરેલ નથી તેમજ નવાબ કાળનું તમામ રેકોર્ડ કચેરીમાં મોજુદ હોય તે ઐતહાસિક રેકર્ડ આવેલ છે જે રેકર્ડ બીજીવાર બની ન શકે જેથી જુના રેકર્ડનું જતન કરવાની જવાબદારી સરકારશ્રીની હોય છતાં આ રેકર્ડનું કચેરી દ્વારા યોગ્ય જતન થતું નથી. આ રેકોર્ડનાં નવાબકાળ તથા અશોક તથા મુગલકાઈ તથા અન્ય રાજા રજવાડાનું રેકર્ડ કચેરીમાં મોજુદ હોય તેમજ જૂનાગઢનો ઈતિહાસ તે રેકોર્ડમાં હોય અને ૨૦૦થી ૩૦૦ વર્ષ જુના રેકર્ડ આવેલા છે. તે રેકર્ડનું જતન કરવું જરૂરી હોય જેથી આ રેકર્ડની ખરાઈ કરી નવી કચેરીએ રેકર્ડ તાત્કાલીક શીફટ કરવું જેથી જુના રેકર્ડને કોઈ નુકશાન થાય નહી. તેમજ હાલ અરજદારોની અરજી પેન્ડીંગ પડેલ હોય તેમનો નિકાલ કરવા જણાવેલ છે.

જે કચેરીમાં રેકોર્ડ રાખેલ તેમેં છત નળીયાવાળી હોય અને તે પણ તુટેલા હોય તેના કારણે રૂમમાં પાણી ભરાય છે. અને જૂનાગઢ, કુતિયાણા તથા માંગરોળનું રેકોર્ડ હાલ પાણીમાં તરતુ હોય તે મકાન વર્ષથી જર્જરીત હાલતમાં છે. જે છેલ્લા વર્ષથી બંધ હાલતમાં છે. જેથી તે હવેલીની અંદર રેકર્ડ રાખેલ છે તેની અંદર વરસાદનું પાણી ભરાતુ હોય જેથી તે રેકર્ડનું સર્વે કરવા સરકારી અધિકારીને તપાસ સોંપવા તથા તમામ રેકર્ડ તાત્કાલીક નવી કચેરીમાં રેકર્ડ ફેરવવા જણાવેલ છે.

જૂનાગઢ સર્કલ ચોક, દિવાન ચોકની પાછળ આવેલ જીલ્લા દફતર કચેરી જે અભિલેખાગારના નામે ઓળખાય છે તે કચેરી છેલ્લા એક વર્ષથી બંધ હાલતમાં છે અને તેમાં પડેલ નવાબી કાળનું રેકોર્ડનું જતન કરવામાં આવતું ન હોય તેમજ એક વર્ષથી કોઈપણ સરકારી અધિકારીએ ઓફીસની મુલાકાત લઈ રેકોર્ડ ચેક કરેલ નથી તેમજ રેકોર્ડ એક વર્ષની અંદર રેકોર્ડની શું હાલત છે તે કોઈને ખબર નથી. તેમજ વરસાદનાં કારણે રેકોર્ડવાળા રૂમમાં પાણી પડે છે તે બાબતે પણ કોઈ સરકારી અધિકારીએ તપાસ કરેલ નથી જેથી અશોકકાળ અને નવાબીકાળનું જે રેકોર્ડ પડેલ છે તે રેકોર્ડનું તાત્કાલીક જતન કરવા અને રેકોર્ડની બીજી નવી કચેરીએ ખસેડવાનો હુકમ કરવા જણાવેલ છે.

આ રેકોર્ડ હાલ સારી હાલતમાં હોવા છતાં જે બિલ્ડીંગમાં રેકર્ડ રાખેલા છે તે બિલ્ડીંગમાં રેકર્ડ શોધવા માટે ન જોવાનાં કારણો શું ? અને ખરી નકલ પુરી નહીં પાડવાનાં કારણો શું ? રેકર્ડ ગોતી શકાય તેવી સારી હાલતમાં હોવા છતાં છેલ્લા એક વર્ષથી અરજદારોને ધકકા ખવડાવવામાં આવે છે.

હાલ જે સ્ટાફ કચેરીમાં છે. જે રેકર્ડનાં જાણકાર નથી તેમ છતાં અરજી ન લેવી અને ફકત રજીસ્ટરમાં નામ લઈ અરજદારોને ખોટુ બોલવાની કાર્યવાહી કરે છે. તેમજ સ્ટાફ જણાવે છે કે રેકર્ડ તમને ટુંક સમયમાં મળી જશે તેવી ખોટી વાતો કરે છે. તેથી રેકર્ડની અરજી ન સ્વીકારવાનું કારણ કયા નિયમ હેઠળ આવે છે ફકત અરજી ન સ્વીકારી રજીસ્ટરમાં નામ લખવું તેવો કોઈ નિયમનો કે ઠરાવનો હુકમ હોય તો તેમની નકલ મોકલવી કચેરીમાં હાલ કોઈ જાણકાર અધિકારી કે કર્મચારી હોતા જ નથી. જયારે અરજદાર જાય છે તેમને અવાર નવાર ધકકા ખવડાવે છે. ફકતે ફકત કર્મચારીઓ કચેરીમાં મોબાઈલ લઈને બેઠા હોય છે.

જૂનાગઢ અધિક્ષક જીલ્લા અભિલેખાગરની કચેરી તા. ૧-૭-૧૯૭૯નાં ચાલુ થયેલ તેમાં જૂનાગઢ કચેરીમાં જૂનાગઢ, માંગરોળ, માણાવદર, સરદારગઢ, સુલતાનગઢ, બીલખા અને બાંટવા રાજયનું સને ૧૭૮૦ થી ૧૯૫૯ સુધીની આશરે ૫,૮૨,૧૧૫ ફાઈલો સંગ્રહાલયમાં છે. આ કચેરીનાં કાર્યક્ષેત્રમાં જૂનાગઢ જીલ્લાનો સમાવેશ થાય છે.

તેમજ કચેરી બંધ રાખવા માટે સરકારનો પરીપત્ર કે હુકમ હોય તો જાણ કરવા જણાવેલ છે. જેથી અભિલેખાગાર એટલે ગુજરાત તથા દેશી રાજયો રજવાડાનાં સમયનાં રેકોર્ડનું ભંડાર આવેલ છે તે ઐતિહાસીક રેકોર્ડનું જતન કરવા અંતમાં જણાવેલ છે. આ પત્રની નકલ કેબીનેટ મંત્રી હર્ષ સંઘવી, રાજયકક્ષાનાં મંત્રી મુળુભાઈ બેરા, અભિલેખાગાર ખાતુ ગાંધીનગર, જીલ્લા અભિલેખાગાર કચેરી જૂનાગઢ, જીલ્લા કલેકટર જૂનાગઢને પણ મોકલાવેલ છે.

# જૂનાગઢમાં ધંધા ખારમાં મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૬

જૂનાગઢના ધોરાજી ચોકડી નજીક ટી સ્ટોલ ધરાવતા યુવાનને ધંધા ખારમાં બે યુવાનોએ છરી બતાવી, ગાળાગાળી કરી ધમકી આપ્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ડેનિશભાઈ કિરીટભાઈ ભાનુશાળીએ વિપુલ ઉર્ફે મોટુ ખુશાલભાઈ સોલંકી અને હિતેષ ખુશાલભાઈ સોલંકી રહે.બંને સાબલપુર ચોકડીવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓ અગાઉ ધોરાજી ચોકડી પાસે ફરીની રજવાડી ટી સ્ટોલની સામે ગાઠીયાની લારી રાખી વેપાર ધંધો કરતા હોય અને ફરીયાદી સાથે અવાર નવાર વેપાર ધંધા બાબતનો ખાર રાખતા હોય અને ફરીયાદી સાથે આરોપી વિપુલ ઉર્ફે મોટુ ખુશાલભાઈ સોલંકી સાથે અગાઉ થયેલ ઝગડાનું મનદુખ રાખી ફરીની ધોરાજી ચોકડી પાસે આવેલ રજવાડી ટી સ્ટોલ નામની દુકાનની સામે રોડ ઉપર આરોપીઓએ મોટર સાયકલ પર આવી ગાળા ગાળી કરી છરીઓ વડે ફરીયાદીને દુકાન બંધ કરી દેજે નહિ તો તને જાનથી મારી નાખશુ તેવી ધમકી આપ્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં બેનરો લગાવવાના નાણા ઉઘરાવી કંપનીને ૩ લાખનો ધુંબો માર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢમાં એડ એજન્સીમાં કામ કરતા હોવાની ખોટી ઓળખ આપી વિવિધ સંસ્થાઓ પાસેથી જાહેરાતો લઈ કંપની સાથે રૂા. ૩ લાખની છેતરપીંડી કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે યોગેશભાઈ રાજાભાઈ ચાવડાએ રાજેશભાઈ શાહ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી હાલ જે એડ એજન્સી ફીટ ઈન્ફાટેક સોલ્યુશન એલએલપી ખાતે કામ કરતા હોય તેમાં આરોપી અગાઉ કામ કરતો હોય કંપનીમાંથી છુટો કરેલ હોવા છતા પોતે હાલ કંપની ખાતે કામ કરતો હોવાની ખોટી ઓળખ આપી જુનાગઢ શહેર વિસ્તાર ખાતે ફરીયાદીની એજન્સીને જાણ કર્યા વગર ફીટ ઈન્ફાટેક સોલ્યુશન એલએલપી કંપની ખાતે કામ કરતા હોવાની ઓળખ આપી જુનાગઢની સંસ્થાઓની જાહેરાતો પોતાના નામે લઈ કંપનીને વળતર ન આપતા પોતે પોતાના અંગત સ્વાર્થ છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન આશરે રૂા. ત્રણ લાખ પોતાના અંગત હેતુ માટે વાપરી મુળ કંપનીને નાણાકીય નુકસાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના ગિરનારી ગૃપ દ્વારા શ્રાવણ માસના પ્રથમ સોમવારે યોજાયેલા ત્રિવિધ કાર્યક્રમો

## "જન સેવા એજ પ્રભુ સેવા"ના સૂત્રને સાર્થક કરતુ ગિરનારી ગ્રુપ : ડો. આશિષ ટાંક





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, દેવોના દેવ મહાદેવના પવિત્ર શ્રાવણ માસનો પહેલા સોમવારથી પ્રારંભ થય ગયો છે. જેમાં શિવભકતો ભગવાન ભોળાનાથના મંદિરોમાં જઈને પૂજન અર્ચન કરીને પુણ્યનું ભાથુ ભેગુ કરી રહ્યા છે. ત્યારે ગિરનારી ગ્રુપ સભ્યો દ્વારા પણ શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભગવાન ભોળાનાથ નું પુજન અર્ચન કરીને વિશ્વ કલ્યાણ અર્થે પ્રાર્થના કરીને જૂનાગઢ શહેરની જુદી જુદી ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને ગરમા ગરમ ફરાળી પેટીસ, દહીંનું ભોજન પ્રસાદ કરાવીને પહેરવા માટેના કપડાનું વિતરણ કરવામાં આવેલ હતું. સાથે ગૌ માતાઓ માટે ગોળ, ખોળ, ઘઉંના લોટનું ભડથું સહિતની વાનગીઓ મિશ્રણ કરીને લાડુ બનાવીને શહેરના જુદા જુદા વિસ્તારમાં ગૌ માતાઓને લાડુઓ ખવડાવવામાં આવેલ હતા. આ ત્રિવિધ કાર્યક્રમોની સેવાઓમાં ગિરનારી ગ્રુપના સભ્યઓ દિનેશભાઈ રામાણી, સમીરભાઈ ઉનડકટ, અક્ષિતભાઈ કુબાવત, કશ્યપભાઈ દવે, સમીરભાઈ દવે, હરીભાઈ કારીયા, પરેશભાઈ સાવલિયા, સુધીરભાઈ રાજા, પરાગભાઈ ભુપ્તા, પ્રિન્સ નિમાવત, ઋતિક ગજ્જર, સુરેશભાઈ વાઢીયા, શુભભાઈ વાઢીયા સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી. અને આખા શ્રાવણ માસ દરમ્યાન ગિરનારી ગ્રુપ દ્વારા જુદી જુદી પ્રકારના ધાર્મિક લોક ઉપયોગી કાર્યક્રમો યોજવામાં આવશે તેમ યાદીને અંતે જણાવેલ હતું.

# અંબાજી મંદિર ખાતે બિરાજમાન કમલેશ્વર મહાદેવના શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભવ્ય સિંગાર સાથે દીપમાળા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

ગઈકાલથી શ્રાવણ માસનો પ્રારંભ થયો છે ત્યારે જૂનાગઢ શહેરનાં અનેક મંદિરોમાં ભકતોની દર્શન માટે ભીડ જોવા મળી હતી ત્યારે

જૂનાગઢ ગીરનાર શક્તિપીઠ અંબાજી મંદિર ખાતે બિરાજમાન કમલેશ્વર મહાદેવના શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભવ્ય સિંગાર સાથે દીપમાળા કરવામાં આવી હતી. આ દીપમાળાનો અસંખ્ય ભક્તજનોએ દર્શનનો લાભ લીધો હતો.

# દોલતપરામાંથી ૯ મહીલા જુગાર રમતા ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢનાં દોલતપરામાં જાહેરમાં જુગાર રમતી નીતાબેન ગોહેલ, નિરૂબેન ગોહેલ, દેવુબેન ગોહેલ, મનીષાબેન દાફળા, હંસાબેન સાગઠીયા, હીનાબેન સોલંકી, રૂકશાનાબેન સાયલી, નયનાબેન ચૌહાણ અને રસીદાબેન હેરજાનેએ ડીવીઝન પોલીસે રોકડા રૂા. ૧૨૪૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

# માળીયા હાટીનાના કાલીભંડા ગામે યુવતીએ એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) માળીયા હાટીના તા.૬

માળીયા હાટીના તાલુકાના કાલીભંડા ગામે રહેતી યુવતીએ કોઈ કારણોસર એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત થયાનું માળીયા પોલીસમાં નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે જીવાભાઈ લખાભાઈ કાગડાએ જાહેર કરેલ કે મૃતક મમતાબેન રામભાઈ કાગડા(ઉ.વ.૧૯)વાળીએ ગત તા.૨૮-૭-૨૪ના રોજ પોતાની મેળે કોઈપણ અગમ્ય કારણોસર એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત થયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
૦% ફાઈનાન્સ ૦% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# આવતીકાલે નાની બાળાઓનું ફુલકાજળી વ્રતઃ રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ

## ભગવાન શિવજીનો પ્રિય માસ શ્રાવણમાં અનેક વ્રત-તહેવારોની ઉજવણી કરાશે


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૬

આવતીકાલ તા. ૭ ઓગસ્ટ બુધવારે નાની બાળાઓનુ ફુલકાજળી વ્રત છે. આ દિવસે નાની બાળાઓ સારા પતિની પ્રાપ્તિ માટે તથા સ્વસ્થ આરોગ્ય માટે ફુલકાજળીનું વ્રત કરે છે.

ફુલકાજળી વ્રતમાં નાની બાળાઓ આખો દિવસ ફુલની સુગંધ લેતી હોય છે. કાલે સવારના નાની બાળાઓ ભગવાન શંકર તથા પાર્વતીનું હૈયાના હેતથી પૂજન-અર્ચન કરશે અને ઉપવાસનું પણ વિધાન છે. કાલે નાની બાળાઓ રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરશે. આમ પાંચ વર્ષ સુધી વ્રત રહેને પાંચમા વર્ષે પાંચ કે સાત નાની બાળાઓને જમાડીને વ્રતનું ઉજવણું કરે છે. આમ ભગવાન શિવજીનો પ્રિય માસ શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ અનેક વ્રત-તહેવારોની ઉજવણી કરવામાં આવશે.

# શ્રાવણ મહિના પહેલાં મંગળવારે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને શ્રીનાથજીની થીમવાળા વાઘા અને સિંહાસને શણગાર કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૬

ભગવાન શિવની આરાધનાના પર્વ શ્રાવણ મહિનાનો આજે બીજો દિવસ છે. આજે પહેલા મંગળવારે સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી દાદાને વિશેષ શ્રીનાથજીની થીમવાળા વાઘા પહેરાવ્યા છે અને સિંહાસને શણગાર કરાયો છે.આજે સવારે શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. મહત્ત્વનું છે કે, આજે સવારે મંગળા અને શણગાર આરતી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે મોટી સંખ્યામાં ભક્તોએ દાદાના વિશેષ દર્શનનો લ્હાવો લીધો હતો. આજે દાદાને ૪૦૦ કિલો કેળાનો અન્નકૂટ પણ ધરાવાયો છે. આજે દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજે હનુમાનજીને શ્રાવણ માસના પહેલાં સોમવારે શ્રીનાથજીની થીમવાળા વાઘા અને સિંહાસને શણગાર કરાયો છે. આ વાઘા અને શણગાર બનાવવા માટે ચાર લોકોને એક અઠવાડિયા જેટલો સમય લાગ્યો છે. આ શણગાર અહીં કરતાં ૬ સંત, પાર્ષદ અને ભક્તોને ૩ કલાકનો સમય લાગ્યો હતો. તો આજે ૪૦૦ કિલો કેળાનો અન્નકુટ ધરાવાયો છે. આ કેળા અમદાવાદથી મંગાવ્યા છે. શ્રાવણ માસ દરમ્યાન શ્રી હનુમાન ચાલીસા પાઠ સમય : દરરોજ સવારે ૭ થી ૧૦વાગ્યેઆયોજન કરવામાં આવેલ. તેમજ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસ દરમિયાન શ્રીહરિ મંદિર દિવ્ય હિંડોળાના અનેરા દર્શનનો લાભહજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

મો.૯૮૨૫૫ ૪૩૮૫૧ મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
જાવેદભાઈ (જુનાગઢ)
ગુજરાત રોડલાઈન્સ
જુનાગઢ-સાબલપુરથી કંડોરણા - કાલાવડ - જામનગર - સિહોર - ભાવનગર ડેઈલી સર્વિસ
: હેડ ઓફિસ :
C/o. ફલાય ફાસ્ટ
ગાંધી ચોક, જૂનાગઢ મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
: બુકિંગ ઓફિસ :
C/o. ફલાય ફાસ્ટ
સાબલપુર. મો.૭૦૧૬૪ ૧૮૧૯૦
: બ્રાંચ ઓફિસ :
ગ્રેન માર્કેટ પાસે, વાળીયાનાં વંડા પાસે, વિશાલ ઘી ની બાજુમાં, જામનગર. મો.૮૯૮૦૫૪૦૩૧૧ (સલીમભાઈ જામનગર)

સુપરફાસ્ટ રોડલાઈન્સ
ઈલ્યાસભાઈ : મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
જૂનાગઢ સાબલપુરથી બાબરા, લાઠી, ઢસા, સિહોર, ભાવનગર ડેઈલી સર્વિસ
:: હેડ ઓફિસ :: C/o. ફલાય ફાસ્ટ ગાંધી ચોક, જૂનાગઢ મો.૯૮૨૪૯ ૯૫૨૮૬
બુકિંગ ઓફિસ : C/o. ફલાય ફાસ્ટ સાબલપુર. મો.૭૦૧૬૪ ૧૮૧૯૦
બ્રાંચ ઓફિસ : C/o. ઘોઘાબોરી ટ્રાન્સપોર્ટ સર્વિસ ભાવનગર - મો.૯૪૨૮૨ ૨૧૯૮૦
ડિલેવરી ઓફિસ
:: બાબરા :: રૂપેશ રોડવેઝ
મો.૯૪૨૬૯ ૫૨૭૦૦ / ૭૫૬૭૧ ૦૭૫૦૦
:: સિહોર ::
એન.જે.એમ. લોજીસ્ટીક / મો.૯૦૩૩૭ ૪૩૫૦૬
:: ભાવનગર ::
ઘોઘાબોરી ટ્રાન્સપોર્ટ સર્વિસ
જૈન ભોજનશાળાની સામેના ખાંચામાં, અજય ગેસ્ટ હાઉસની બાજુમાં, સુતારવાડ, ભાવનગર મો.૯૪૨૮૨ ૨૧૯૮૦